# શ્રી યોગેશ્વર લીલામૃત





## - મા સર્વેશ્વરી

# શ્રી યોગેશ્વર લીલામૃત



## પ્રથમ અધ્યાય

વંદન કરીએ યોગેશ્વર ભગવંતને,
દર્શન દેજો આવ્યા છે શરણે અમે.
સર્વ દેવદેવીને કરીએ વંદના,
કાવ્યમહીં ગુણ ગાવા અમારે સંતના.
ગાવી છે ગુરૂગાથા ગણપતિ દેવ હે !
સર્વ દેવદેવીને કહેજો વાત એ.
યોગેશ્વર ભગવંત પધારો પ્રેમથી,
લખજો ગાથા મારા સદ્ગુરૂ દેવની.
ફરી કરીએ વંદન શ્રીચરણે અમે,
લખો તમારી જીવનગાથાને હવે.
સદ્ગુરૂ રૂપે યોગેશ્વર ભગવંત એ,
પ્રકાશપંથ તણો ઈતિહાસ સુણાવશે.
જીવાયું તે જીવન લખશે કાવ્યમાં,
પ્રારંભ કરો, કરું ચરણમાં વંદના.
સાબરમતીના તીરે સરોડા ગામ જો,
સંત સ્વરૂપે પ્રગટ્યા ત્યાં ભગવંત જો
ગુર્જરભૂમિ પવિત્રા બારસ પર્વ જ્યાં,
પ્રગટ્યા સદ્ગુરૂ યોગેશ્વર ભગવંત ત્યાં.
શ્રાવણ સુદ બારસ ને સોમવાર જો,
ઓગણીસો એકવીસ તણું પ્રભાત છે
સામાન્ય સઘળી એ લૌકિક રીતથી,
પ્રગટ્યા પૂર્ણરૂપે પુરૂષોત્તમ પ્રીતથી
મા જ્યોતિર્મયી કેરા જીવન આંગણે,
મણિપુત્ર બની વિહરે જગના નાથ તે
જ્ઞાની ભક્તો પામ્યા એનો સાર જો,
અજ્ઞાની અટવાયા માયાજાળ જો.
હિંમત ને સાહસ પિતાના ગુણ જે,
પવિત્રતા માતાની ને સ્વમાન એ
રૂખીબાની પ્રભુમયતાનો એ વારસો,
બાળ પ્રભુમાં આવીને સહેજે ભળ્યો.
રૂખીબાની ચિતાથી સાર લીધો તમે,
આત્મોન્નતિના શિખરો સર કરવા હવે.
નવમા વરસે ખોયું છત્ર પિતા તણું,
ઉઘડ્યું ત્યારે નવજીવનનું બારણું
પ્રસ્થાન ક્ર્યુ મોહમયી નગરી ભણી,
બાળ સ્વરૂપે વિચર્યા ત્યાં જગના ધણી
ચોપાટીના માર્ગે આશ્રમ એક ત્યાં,
પ્રવેશ કીધો શિક્ષણ લેવા કાજ ત્યાં.
શિક્ષણ સાથે અભિનય ભજવ્યો આશ્રમે,
કવિ બની અર્જુન, શિવાજી બન્યા તમે
કરણ ઘેલો બની નાટકમાં ઉભા તમે,
વિવિધ સ્વરૂપે જીવન વિકસાવ્યું હવે
નિયમપાલન, સ્વચ્છતા સાદાઈ ને,
સ્વાશ્રયી જીવનની તાલીમ પામ્યા તમે
બાર વરસની નાનકડી વયમાં હવે,
'ગામઠી શિક્ષક' નામે લેખ લખ્યો તમે
પ્રારંભ કીધી સરસ્વતીની સાધના,
બાસઠ વરસ સુધી ચાલી આરાધના
સરસ્વતીની પૂર્ણ કૃપા પામ્યા તમે,
સો ગ્રંથોની ભેટ ધરી સાહિત્યને
આશ્રમના ગૃહપતિ જ્યારે માંદા પડ્યા,

પ્રાર્થના સાધનથી આપે સાજા કર્યા.
બાળ હૃદયનો પાવન સાદ ખરે ફળ્યો,
ગૃહપતિનો સાચો સદ્‌ભાવ હવે મળ્યો
દયાભાવ સમભાવ હતો તે દિનથી,
વિશેષ લક્ષણ મહાપુરૂષનું એ ધરી
કબુબાઈની શાળામાં ગીતા  થકી,
પ્રેરણા પામ્યા જીવનના વિકાસની
સ્થિતપ્રજ્ઞના લક્ષણ પ્રિય બન્યા હવે,
ગીતા વાંચનનો નિયમ લીધો તમે
રામકૃષ્ણ, રામતીર્થ, વિવેકાનંદના,
જીવનગ્રંથો વાંચી જગવી ભાવના
પરમહંસ શ્રી રામકૃષ્ણ જીવન તણું,
વારંવાર વાંચન કરો એ ગ્રંથનું
રામકૃષ્ણ સરખા કોઈ સંત મળે મને,
આતુર બનીને કરો પ્રાર્થના ને હવે
કૃપાપાત્ર આદર્શ સંત બનવા હવે,
મનમાં એ રીતે બીજ મંડાયા ખરે
એકાંત હવે પ્રિય લાગે છે આપને,
સદ્‌વાંચનમાં સમય પસાર કરો તમે
બપોર સુધી અભ્યાસે મન જોડતા,
હેંગીંગ ગાર્ડનને ઝરણે પછી બેસતા
છતાં રહ્યા તેજસ્વી અભ્યાસે તમે,
શિક્ષકનો સદ્‌ભાવ વરસે છે ખરે
આશ્રમમાં સૌ શયન કરે એક હોલમાં,
વિશેષ મંજુરી મેળવતા આપ ત્યાં
શયન સ્થાન બદલો છો અગાસીમાં તમે,
ધ્યાન, પ્રાર્થના ત્યાં બેસી કરતા હવે
મોડી રાતે એક વાગે તમે ઉઠતા,
આંટા મારી જપ કે ધ્યાનમાં બેસતા
નિયમિતતા પ્રભુમય જીવનની એ રીતે,
વિદ્યાર્થી અવસ્થાથી પાળો તમે
કંઈક વર્ષોથી આશ્રમમાં ત્રણ પ્રેત છે,
પરંપરાથી વાતો એ રીતે વહે
પ્રેત વળી હેરાન કરે કોઈ બાળને,
તેથી સહુ ડરતા અગાસીથી ખરે
વાત એ બધી જાણો છતાં સૂવો તમે,
નિર્ભયતા તો રગરગમાં રમતી રહે
બાળ જીવનમાં અદ્‌ભુત ભાથુ બાંધતા,
મહાપુરૂષ થવાના સ્વપ્નો સેવતાં
આશ્રમમાં એક દિન દર્શન થાય જો,
સ્વપ્નમાં પાછળ સાપ ભયંકર દોડતો
દોડતા તમે થાક્યા ત્યાં આશ્ચર્ય એ,
બોલવા લાગ્યો સાપ અદ્‌ભુત વાણને
'મહાપુરૂષ' થશો ! આ જન્મે આપ તો,
સાંભળી આનંદ થયો આપના ઉર જો
વીણાપાણિ સ્વરૂપ શ્વેત વસ્ત્ર જ્યાં,
ફરી એક દિન સ્વપ્ન દર્શન થાય ત્યાં
ઝંખના હતી તેવું દર્શન પામતા,
સાક્ષાત્કારની પ્રબળ બની ગઈ ભાવના
સોળ વર્ષની નાનકડી વય તે છતાં,
વડોદરામાં સાંજે ધ્યાનમાં બેસતા
ઉઘાડી આંખે અદ્‌ભુત અનુભવ પામતા,
'યુગાવતાર' બુદ્ધનું દર્શન પામતા
શાંત, મધુર મુખમંડળ ને ચીવર સજી,
દર્શન કરતા આપ હવે શંકા તજી
સોળ વર્ષે સાક્ષાત્ બુદ્ધનું દર્શન,
પ્રભુ કૃપાનું થઈ રહ્યું છે વર્ષણ
પવિત્રતા ને પ્રભુ પરાયણતા વધી,
મા ભગવતીમય જગ જોતા તે દિનથી
બ્રહ્મચર્ય સાથી બની બેઠો ત્યાં વળી,
દૃઢ સંકલ્પ હૃદયમાં આપે ત્યાં ધરી
અપરણીત જીવનનો દૃઢ નિર્ણય થયો,
પ્રલોભનો વચ્ચે પણ અડગ રહ્યો ખરો
ત્યારે સરોડામાં સોમાભાઈ વ્યાસ જે,

જાણી ગયેલા બાળક આ અદ્‌ભુત છે
આવી આંગણે મા જ્યોતિર્મયીને કહે,
'આ બાળકને પૂરો જાણી લો તમે,'
'બ્રહ્મજ્ઞાની છે સંસારે કદી ના પડે,
કુળનો તારક બનશે એ લક્ષણ દીસે'
ધન્ય ધન્ય દિવ્ય દૃષ્ટિ સોમાભાઈની,
જેણે બાળપ્રભુને પરખ્યા ત્યારથી
મેટ્રીક પછી જી. ટી. બોર્ડીંગે તમે,
સત્તર વર્ષે પ્રવેશ કીધો ત્યાં હવે
વિલ્સન કોલેજ ચોપાટી ઉપર હતી,
પ્રવેશ કીધો વધુ અભ્યાસે ત્યાં વળી
શિક્ષણ પણ કોલેજ તણું ચાલુ થયું,
આત્મોન્નતિનું સ્વપ્ન પણ ફળતું રહ્યું
યોગાભ્યાસ તણી રૂચિ જાગી અંતરે,
મૌનવ્રતો પણ પ્રારંભાયા ત્યાં હવે
'અમરધામ' યોગાશ્રમમાં જઈને તમે,
આસનો શીખ્યા યોગી બનવાને હવે
નિર્વસ્ત્ર થઈ રાતે ધ્યાનમાં બેસતાં,
પ્રયોગ કરતા પરમહંસ જીવન તણા
પ્રવાસી સંત વળી સંન્યાસી મહાત્મા,
ગાંધીજીના દર્શન તો કરતા રહ્યાં
સંત સમાગમ અને કાવ્ય લેખન તણી,
પ્રવૃત્તિઓ મુંબઈમાં ચાલુ રહી
ઉપરામ થયું અભ્યાસે મન જ્યાં વળી,
વિદાય લીધી ત્યારે એ નગરી તણી
વડોદરાના અલ્પ સમય અભ્યાસથી,
બાજી પલટાવા લાગી જીવન તણી
શિક્ષણનું બંધન ત્યાં તો તૂટ્યું ખરે,
સાધના ક્ષેત્રે દ્વાર નવું ઉઘડે હવે
અધ્યાત્મ જગે કિરણો રેલાયાં હવે,
સૂર્યોદય ક્ષણવારમાં ત્યાં તો હવે થશે
બાળલીલા ને પવિત્ર યુવાની તણી,

પ્રેરક કથા લખાવી આપે કૃપા કરી
ધન્ય ધન્ય ભગવંત તમારી શક્તિને,
બે કર જોડી માંગુ આપની ભક્તિને
ધરી પ્રેરણા કવિતા કથા તણી તમે,
સ્નેહ શાંતિ ધામે પ્રારંભ કરી અમે
કાવ્ય કથા લેખનથી થાવ પ્રસન્ન જો,
દર્શન દે જો દિવ્ય સ્વરૂપે નાથ તો
પ્રકાશપંથની પહેલી પગદંડી મહીં,
લેખન ગાન થકી કાળ વીત્યો છે અહીં
અંતર નિશદિન આનંદે ઉભરાય જો,
જાણે પ્રગટ્યા યોગેશ્વર ભગવંત જો
સર્વેશ્વરીની કલમે આપ બિરાજતા,
કેવું અદ્‌ભુત લેખન આપ કરી રહ્યા !
વારે વારે વંદન વ્હાલા નાથને,
વરદ હસ્તથી વધાવજો આ જીવને
શ્રીચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્‌ગુરૂના ચરણે હવે,
ધરીએ પ્રેમે પહેલા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્‌ગ્રંથને,
નમીએ સદ્‌ગુરૂના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્‌ગુરૂ નો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !

* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

# બીજો અધ્યાય

પ્રકાશપંથના યોગેશ્વર ભગવંત હે !
નરરૂપે નારાયણને નમીએ અમે
પ્રારંભ થશે બીજા આ અધ્યાયનો,
ગાનારાને પુણ્યપ્રદાયક તે ઠરો
અખિલેશ્વરની અદ્‌ભુત અકળ લીલા છે આ,
સમજણ ક્ષેત્રે મતિ અમારી અલ્પ હા !
છતાં કાવ્યમાં ગૂંથવી છે લીલા હવે,
લખો હવે સદ્‌ગુરૂજી આવીને તમે
બંસરી અમે, બજાવનારા આપ છો,
વગાડી રહ્યા જીવનવીણા આપ તો
હવે લખો યોગેશ્વર લીલામૃતની,
ઘટનાઓ જે બની રહી છે તે નવી
વડોદરામાં કમાટી બાગ મહીં હવે,
વહેલી સવારે ધ્યાન ઉઠી કરતા તમે
પ્રસિદ્ધ કાશી વિશ્વનાથ મંદિરમાં,
વૃક્ષ નીચે બેસીને કરતા ધ્યાન ત્યાં
યોગાશ્રમમાં જતા શ્રી ગિરિધરભાઈનો,
મેળાપ વ્યાયામ વિશારદનો થયો
નેતિ-ધોતી, ષટ્-ક્રિયાઓ શીખ્યા તમે,
યોગી જીવન માટે માની સહાય તે
શ્રી અરવિંદને પત્ર લખી પૂછાવીયું,
સાંનિધ્યે રહેવા દિલડું તલસી રહ્યું
પોંડીચરીની મંજુરી તો ના મળી,
દર્શનની લગની પણ લેશ ઘટી નહીં
હિમાલયનું વર્ણન વાંચીને થયા,
મનોરથો, હિમાલયમાં વસવા તણા
પોંડીચરીને બદલે હિમાલયે વળી,
સાધના કેરો સાદ કર્યો  છે ત્યારથી
સ્વામી શિવાનંદને પત્ર લખ્યો હતો,
રહેવું સાધના કરવા આપની પાસ જો
'હજી વાર છે,' આવ્યો પ્રત્યુત્તર વળી,
ધીરજ ના રહી હિમાલયે વસવા તણી
તૈયાર થયા જવા હિમાલય દ્વાર એ,
સ્વજનોએ યુક્તિથી રોક્યા આપને
માતાજીના ભાઈ રમણભાઈ કહે,
'સો રૂપિયાનું દેવુ તમારે શિર જે,'
'પુરૂ કરીને જાવ પછી હિમાલયે,'
છતાં ના ડર્યા આવી પડેલ વિઘ્નથી
નિર્ભયતા તો બાળપણથી છે મળી,
સત્વર શોધ્યો તેનો પણ ઉપાયજી
સર્જક, સસ્તુ સાહિત્યના ભિક્ષુ જે,
નામ અખંડાનંદ મહાપુરૂષ તે
થયું કે લખી લેખ બતાવું એમને,
બદલામાં મળશે કંઈ ભાથુ જે મને
ધરી શકું માતાજીને હું પ્રેમથી,
હિમાલયની આજ્ઞા લઈશું રીતથી
થોડા દિવસોમાં જ મળ્યા નડિયાદમાં,
ભિક્ષુ અખંડાનંદ મહાપુરૂષ ત્યાં
લેખો વંચાવી, ભજનો સંભળાવીયા,
વાતો કરતા આવ્યા અમદાવાદમાં
કહ્યું 'અમારી સંસ્થામાં રહેજો હવે,'
ત્યારે તમે કહ્યું કે, 'જવું છે હિમાલયે.'
'ઈશ્વર દર્શનની લગની લાગી મને,
દર્શન કાજે સાધના છે કરવી હવે.'
ઉત્સાહ વધ્યો ભિક્ષુના મેળાપથી, કહ્યું,
'જરૂર જાઓ હિમાલયમાં વળી,'
'શાંતિ પામશો પછી મને મળજો જરી,
તમ સરખા સાધકની જરૂર છે ઘણી.'
ભિક્ષુ પ્રેમે સાચી દિશા ચીંધી રહ્યા,
અમુલખ આશિષ દઈને પડખે તે રહ્યા
રોકડી રકમ એકસો વીસ તણી ધરી,
સદ્‌ગ્રંથો ને ચિત્રોની ભેટો વળી
પ્રસન્નતાથી આપે સ્વીકારી એ બધી,
નમન કરીને વિદાય લીધી હેતથી

જઈ સરોડા મદદ ધરી માતાજીને,
કહ્યું, 'પ્રભુની ઈચ્છા છે પાકી હવે
જવું હિમાલય દ્વારે મારે આજથી.'
માતાની મમતા ત્યાં લેશ નડી નહીં
ઓગણીસો એકતાલીસ જાન્યુઆરીમાં,
પ્રસ્થાન કર્યું પ્રથમ હિમાલય ધામમાં
સાધના કેરો સૂર્યોદય જીવન મહીં,
થશે હવે તો પલટાશે બાજી બધી
હરિદ્વારમાં ગંગાસ્નાન પ્રથમ કરી,
વિના વિલંબે ઋષિકેશ પહોંચ્યા વળી
સ્વામી શિવાનંદ નિવાસ જ્યાં કરે,
પહોંચ્યા આશ્રમમાં પગપાળા ત્યાં તમે
કહે સ્વામીજી, 'કરી ઉતાવળ કેમ હે !
લખ્યું હતું કે, આવવાની હજી વાર છે'
તમે કહ્યું કે, 'શાંતિ મેળવવા અમે,
રહી શકાયું ના, તેથી આવ્યા અમે.'
સ્વામીજીએ ઉદારતા ને પ્રેમથી,
રાખ્યા તમને પાસે કેવા હેતથી !
મહાપુરૂષની કેવી હોય વિશેષતા,
સ્વામીજી જીવન દ્વારા તે બતાવતા
પ્રાર્થના તણો ખંડ હતો વળી એક ત્યાં,
સંકિર્તનના થતા કાર્યક્રમ નિત ત્યાં
એકવાર કિર્તન પછી બેઠા તમે,
પ્રાર્થના કરી શાંતિ પામવાની હવે
પ્રાર્થના તણો પ્રયોગ જ્યારે તમે કર્યો,
દિવ્ય વાણીનો અનુભવ પ્રભુએ ત્યાં ધર્યો
અંતરના ઉંડાણેથી આવી રહી,
સુમધુર સ્પષ્ટ વાણીને તમે સાંભળી
'તમે નિત્ય બુદ્ધ ને નિત્ય સિદ્ધ છો,
વળી તમે મારી માયાથી મુક્ત હો'
એ અનુભવથી અખંડ શાંતિ મળી ગઈ,
સ્વામીજી પણ થયા પ્રસન્ન એ વાતથી

પાત્રતા હતી પૂરી જ્યાં વળી આપની,
દિવ્ય ભૂમિ ઋષિકેશ તણી સાથે હતી
સ્વામી શિવાનંદની છાયામાં વળી,
સાચા સાધક પર કૃપા વરસી ઘણી
માયા મુક્તના આશીર્વાદ મળ્યા થકી,
પરમાનંદ મળ્યો સાચો તે દિનથી
હેતુ આપનો સિદ્ધ થયો સાચો હવે,
થયું હવે હિમાલયમાં શું કામ છે ?
વિદાય લીધી દિવ્ય ભૂમિ ઋષિકેશની,
પ્રયાણ કીધું ધન્ય ધરા ગુજરાતની
માર્ગ મહીં મુસ્લીમ ગૃહસ્થ મળ્યા જરી,
સંયમી જીવન જોયું આપનું ત્યાં વળી
મુસ્લીમ ભાઈ પ્રસન્ન થઈ કહેતા હતા,
'ચાલો મુંબઈ કામ કરો દુકાનમાં'
'પગાર સારો આપીશું તમને વળી,'
પરંતુ પ્રેમે આમંત્રણ ઠેલ્યું જરી
વડોદરા આવીને પાછું શું કર્યું ?
ત્રીજા અધ્યાયે જાણીશું એ બધું
ઘણું લખાવ્યું કૃપા કરી આજે અહીં,
બદલામાં દેવાનું પાસે કશું નથી
પૂર્ણાહૂતિ બીજા આ અધ્યાયની,
થઈ હવે તો વંદન શ્રીચરણે વળી
પ્રસન્ન થાજો યોગેશ્વર ભગવંત હે !
દુઃખ નિવારી સૌને મુક્ત કરો તમે
શ્રીચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્‌ગુરૂના ચરણે હવે,
ધરીએ પ્રેમે બીજા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્‌ગ્રંથને,
નમીએ સદ્‌ગુરૂ ના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્‌ગુરૂ નો જયકાર હો !

શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !
* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

# ત્રીજો અધ્યાય

સર્વેશ્વરીના સ્વામી, સદ્‌ગુરૂ આપ છો,
અખંડ છત્ર તમારું તો સૌને ધરો
હો પ્રભુ ! પ્રત્યક્ષ પ્રગટીને પધારજો,
કથાગાનના પ્રયત્નને વધાવજો
જીવનમાં તમે સહાય કરજો દેવ હે !
સાર્થક કરીશું સદ્‌ગુરૂ ના ગુણ ગાઈને
રમત માંડી છે લેખનની તમે,
સાધના ગણજો મારા સદ્‌ગુરૂ દેવ હે !
અરે ! કરો છો લેખન સઘળું આપ ત્યાં,
ચિંતા અમે મૂકી છે ચરણે નાથના
હવે લખો ત્રીજા અધ્યાયની વાત જો,
ચરણે નમીએ માગીએ ભક્તિભાવ તો
વડોદરા આવીને આપે વિચાર્યું કે,
જીવન નિભાવ કાજે કંઈ કરવું ઘટે
ચરોતર મહીં ભાદરણ ગામે ગયા,
ટી. બી. હાઈસ્કુલે શિક્ષકરૂપે ત્યાં રહ્યા
કન્યા વિદ્યાલયમાં કીધું કામ જો,
દોઢ વરસમાં ત્યાંથી લીધી વિદાય જો
ઓગણીસો બેતાલીસ, એપ્રીલ માસમાં,
શિક્ષક રૂપ તજીને પધાર્યા વડોદરા
વડોદરાની લોહાણા બોર્ડીંગમાં,
શાસ્ત્રીજીએ સોંપ્યું આપને કામ ત્યાં
સહાયક થયા ભવાનીશંકર શાસ્ત્રીના,
વિદ્યાર્થી જગને સંસ્કારો સીંચતા

તે દિવસોમાં પણ યોગી બનવું હતું,
યોગાભ્યાસ કરું એવું મનમાં થતું
પરંતુ પ્રાણાયમ તણી એ સાધના,
કોણ બતાવે ચિંતા એ કરતા હતા
અચાનક વળી બાળકરૂપે દેવ ત્યાં,
આવીને કહી ગયા મહાત્મા એક ત્યાં
રણમુક્તેશ્વર નામે મંદિરમાં વસે,
પ્રાણાયામી સંન્યાસી તે છે ખરે
વરસતા વરસાદે વાટ લીધી તમે,
મળ્યા મહાત્મા શાંતાશ્રમને ત્યાં તમે
તે જાણીતા મગરસ્વામીના નામથી,
રોજ જતા તમે દર્શન કાજે આશથી
કાળક્રમે સ્વામીએ જોઈ પાત્રતા,
પ્રાણાયમ તણી વિધિ તે બતાવતા
મંત્રદીક્ષા આપી તમને પ્રેમથી,
જાણી લીધી લગની તમારી યોગની
ચાર માસથી તૈયારી કીધી હતી,
ત્યારે પ્રાણાયમની રીત મળી હતી
ઘી, દુધ, બાફેલા શાકો ખાતા તમે,
યોગી જીવનની ભૂમિકામાં હવે
એક હજાર જપ કરવાના રોજ એ,
મગરસ્વામીએ દીધો નિયમ આપને
નિયમિત કરવા લાગ્યા જપને ધ્યાનને,
ત્યાં તો કૃપા વળી પ્રભુની જાગી હવે
જાણે સાદ થયો હિમાલયનો હવે,
ઋષિકેશની દિવ્યભૂમિનો એ ખરે
ધર્મશાળા દેવકીબાઈની ત્યાં જ છે,
પસંદગી પામ્યા મેનેજરની તમે
જઈ સરોડા વાત કરી માતાજીને,
લેશ વિરોધ કર્યો નહી ત્યાં વળી તેમણે
તમે કહ્યું કે, 'તમને પણ બોલાવીશ,
અનુકૂળતા હશે તમારી તો વળી'

‘નિભાવ ખર્ચ પામી કરીશું સાધના’
વિચાર એવા કરી ગયા ઋષિકેશમાં
દેવકોરબાઈની ધર્મશાળામાં ગયા,
ત્યાં તો સંજોગો પ્રતિકૂળ પૂરા હતા
દેવકોરનો વહીવટ કરનારી ત્યાં હતી,
લક્ષ્મીબાઈ નામે વિચિત્ર તે હતી
સ્વાગતમાં ગાળોની વર્ષા ત્યાં મળી,
છતાં ધીરજ ના ખોઈ આપે ત્યાં વળી
પ્રતિકુળતાને પ્રભુકૃપા માની તમે,
સાધના ક્ષેત્રે લગાડી દીધું ધ્યાનને
બંધ બારણે દિવસે ચાલે સાધના,
રાત બધી પ્રભુના સ્મરણે વીતાવતા
દેવકીબાઈની ધર્મશાળામાં તમે,
ભોજન જાતે બનાવીને જમતા તમે
જયદયાલ ગોએન્કાના સત્સંગમાં,
કોઈકવાર વળી ત્યાં પ્રેમે પહોંચતા
ચંપકભાઈ પ્રેમી સેવક ત્યાં મળ્યા,
જાણે જીવનના સાચા સાથી મળ્યા
ભારત કાજે પ્રાણની બાજી લગાવતા,
આઝાદીના લડવૈયા તે તો હતા
ચંપકભાઈની સાથે દહેરાદૂન મહીં
થોડા દિવસો રહ્યા અભયમઠમાં વળી
ભૈરવદત્ત જોશી યોગીપુરૂષનો,
ભરત મંદિરે થયો પરિચય તે નવો
ધર્મશાળામાં એક દિવસ ત્યાં તો હવે,
વસુધારાના વૈરાગી આવી ચઢે
વીસ વરસના બાળ યોગીને મળી,
સાચે અંતરમાં આનંદ ગયો વસી
ભૂખ તરસ કે ઠંડી કદી લાગે નહીં,
એવી જડીબુટ્ટીઓ બતાવી પ્રેમથી
પ્રાણાયમની વાત કરી છૂટા પડ્યા,
જીવનમાં કદી કાળ ફરી તે ન મળ્યા

વંદન હો વસુધારાના વૈરાગીને,
ધર્મ પરાયણ ભારતના એ યોગીને
પ્રામાણિક પ્રયત્નો પ્રભુપંથે હશે,
પ્રભુકૃપા તો અનાયાસ મળતી રહે
પાત્ર બનો તો સામેથી સંતો મળે,
જ્યાં જ્યાં જે જે જરૂરી તે આવી મળે
ધન્ય ધન્ય યોગેશ્વર પ્રભુની પાત્રતા,
સાચા સંતો સામેથી મળતા થયા
ફરી એક દિન સંતકૃપા ત્યાં તો મળી,
ગંગા કાંઠેથી આવી જોયું જરી
બંધ ઓરડો ખોલેલો કોઈએ વળી,
પૂછ્યા વિના પધારેલા સાધુ અહીં
આશ્ચર્ય સાથે અંદર જઈને તમે,
પ્રણામ કરીને પ્રશ્નોત્તરી કરતા હવે
વાતો કરતાં સાધુ પુરૂષે કહ્યું હવે,
‘એક જ વરસ અહીં ફક્ત રહેશો તમે’
‘કેસ ચાલશે ધર્મશાળાનો હવે,
ટ્રસ્ટીઓ જીતી જશે એ કેસને
વિવિધ સાધના કાજે સ્થળ છોડી તમે,
સાધના કેરાં શિખરો સર કરશો હવે’
‘વિશ્વ તમારા દ્વારા શાંતિ પામશે,
જનસમાજ પણ પૂજાને ધરશે હવે
ત્યારે પાછો હું તમને જ મળીશ જો,
ઓળખી લેજો યાદ કરી મુલાકાત તો’
વળી કહ્યું કાલીનો મંત્ર બતાવીને,
જપો તો સાત દિવસમાં દર્શન થાય જો
વિદાય લીધી મહાપુરૂષે પ્રેમથી,
પહોંચ્યા માયા કુંડની એ કુટિયા મહીં
પરિચય વધતો ગયો તમારો ત્યાં હવે,
કુટિયા પર જઈ સંત સમાગમ કરો તમે
મહાપુરૂષ ત્રિકાલજ્ઞ સાચે હતા,
એના કૈં પરચા તમને દીધા હતા

ત્રિકાલજ્ઞ મહાપુરૂષના ચરણો મહીં,
વંદન કરીએ સાચી શ્રદ્ધાને ધરી
શોભા ભારતની સાચી છો તમે ખરે,
પાવન પગલે ભારત માત સુખી રહે
'મા' ના દર્શન કાજે વ્રત લીધું તમે,
અન્ન છોડ્યું ને પાણી પણ છોડ્યું હવે
પ્રાર્થના કરી ત્રણ દિવસનું વ્રત કર્યું,
કૃપા ના મળી છતાં નહીં હૈયું ડગ્યું
ગુજરાતી પરિવારની સાથે પ્રેમથી,
નાનકડી યાત્રાની તક તમને મળી
પ્રથમ દર્શન દેવપ્રયાગનું પામતા,
દશરથ પર્વત પર પણ પ્રેમે પહોંચતા
કાળ વીત્યે લક્ષ્મીબાઈ સ્વર્ગે ગયા,
અંતિમ પળોમાં પશ્ચાતાપ કરતા હતાં
હવે ધર્મશાળાનો વહીવટ થશે ખરો,
એવું વિચારી મનમાં હર્ષ થયો ઘણો
પરંતુ આદેશ મળ્યો દૈવી ધ્યાનમાં,
'સર્વ સમર્પિત થઈને ચાલ્યો આવ હા !'
દૈવી આવી અનુભૂતિઓ બીજી મળી,
શ્રદ્ધા ને હિંમત ધરનારી તે હતી
આંખ ઉઘાડી લખ્યું રાજીનામુ તમે,
પંદર દિવસે ધર્મશાળા છોડું હવે
સૌને જાણ કરી પ્રયાણ કરો તમે,
દૈવી શ્રદ્ધા પ્રગટાવી હૈયે ખરે !
અદ્ભૂત નિર્ણય સાધક જીવનનો ખરે !
સુવર્ણ અક્ષરમાં લખાશે તે હવે
કરશો હવે તમે તો કઠીન સાધના,
શરૂ કરો છો અખંડ એ આરાધના
પ્રભુકૃપાને પામીને ઠરશે જ એ,
અનુભવ અમૃત પાવાને પ્રગટ્યા તમે
જીવન આપનું પ્રેરક હો સૌને હવે,
ધરજો સૌ સાધકને સાચો પંથ તે

ત્રીજા અધ્યાયની કથા પૂરી થઈ,
પરંતુ સાધનાની મંગલ બારી ખુલી
હવે કઠીન તપસ્યા કાળ શરૂ થશે,
ચોથા અધ્યાયે એ વાત વળી હશે
વંદન કરીએ સંત જગતને સ્નેહથી,
સંત સમાગમ સુખ ધરજો સાચું અહીં
લીલામૃત આ કોણ લખે જાણો તમે,
વંદન કરીએ સદ્ગુરૂ એ ભગવંતને
લેખન કરતાં મનડું થાય પ્રસન્ન એ,
સામે શું શું ધરી દઉં વ્હાલા નાથને ?
જન્મોજન્મ ગુલામી તારી કરું અહીં,
તો પણ ગુરુનું ઋણ પૂરું થાશે નહીં.
શ્રીચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્ગુરૂ ના ચરણે હવે,
ધરીએ પ્રેમે ત્રીજા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્ગ્રંથને,
નમીએ સદ્ગુરૂના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્ગુરૂનો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !

* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

## ચોથો અધ્યાય

નામ જપની નાનકડી નાવે હવે,
તરવાને ભવસાગર આ મનડું ચહે
નાવિક સાચા સદ્ગુરૂ છે આવી મળ્યા,
ભવભવના બંધન ત્યાં તો સહેજે ટળ્યા

અદ્‌ભૂત લેખન કાર્ય કરાવીને તમે,
શ્રદ્ધા, ભક્તિ ભાથુ નિત ભરતા હવે
પરોક્ષ કૃપા ક્યાં સુધી વરસાવશો ?
પ્રગટીને પ્રત્યક્ષ ક્યારે પધારશો ?
વાટ જોઉં છું ધન્ય એ પળની હવે,
લેખન કથા તણું પ્રયોજન એ જ છે
પરિશ્રમ પેખી પ્રસન્ન થાજો પ્રાણ હે !,
સર્વેશ્વરીના સ્વામી સુખના ધામ હે !
કળીમાંથી ફૂલ પ્રગટે એવી આ કથા,
ખીલવજો સદ્‌ગુરૂ આ જીવનની કલા
ચોથા અધ્યાયે પધારો પ્રેમથી,
લખો તમારી સાધનાની કથની ખરી
નવેમ્બર ઓગણીસો બેતાલીસમાં,
દેવકીબાઈની ધર્મશાળામાં વસ્યા
છોડી ત્યારે પુરું એક વરસ વીત્યું,
નવેમ્બર ઓગણીસો તેંતાલીસનું
ત્રિકાલજ્ઞ મહાપુરૂષની વાણી ખરી,
ભવિષ્ય કથની એ રીતે બનતી રહી
ત્રિકાલજ્ઞાની સંતપુરૂષ ભાગ્યે મળે,
ગિરિકંદરામાં તે ગુપ્તરૂપે વસે
વાંચી પત્ર ચંપકભાઈ આવતા,
કહે મને પણ સેવાની છે ભાવના
ઘણું કહ્યું ત્યારે લીધા સાથે તમે,
દેવપ્રયાગે પહોંચ્યા બન્ને ત્યાં હવે
સાત હજાર ફૂટની ઉંચાઈએ હતો,
દશરથ પહાડ જોઈ રાહ ઊભો હતો
માગસરની ઠંડી, મરણીયો ખેલ જો,
તો પણ કરવી સાધના દૃઢ નિર્ણય હતો
પહાડ પર પહોંચીને વસ્ત્રો ત્યાગતા,
લંગોટીભર રહીને ઠંડી માપતા
કલાકો સુધી ધ્યાનની મસ્તી માણતા,
ચંપકભાઈ કદી નહીં કંટાળતા

ભોજન બનાવી રાહ જોઈ બેસતા,
અંતરાય રૂપ નહીં એ સહાયક થયા
સેવા કીધી જાણે માત બની ખરે,
ભેટ ધરી સાક્ષી બનવાની તો તમે
વંદનીય છે શ્રદ્ધા ચંપકભાઈની,
સંત સેવાની સુવર્ણ તક ઝડપી ખરી
સાચા સંતની છાયા પામીને તમે,
જીવનનું મહામૂલું ધન પામ્યા તમે
અતિશય તંગી પાણીની પડતી હતી,
તો પણ હસતા સહીને વસતા ત્યાં વળી
પર્વત પર બીજી કોઈ વસતી નથી,
ફક્ત તમારા બે વિના બીજું નથી
પશુઓ દશરથ પહાડ પર વસતાં હતાં,
રીંછ ને વાઘ ભયંકર ત્યાં ફરતા હતાં
જંગલ ચીડના વૃક્ષોથી ભરપૂર હતું,
પર્વત પર એકાંત પૂરેપુરૂ હતું
એ જીવનમાં સમાધિનો અનુભવ મળ્યો,
પ્રથમવાર એ પહાડ પર લ્હાવો મળ્યો
શરીરભાન ગુમાવી કલાકો સુધી,
સમાધિમાં આનંદની હેલી ત્યાં ચઢી
એક દિવસની જપની માળા ગુમ થાય છે,
ક્યાં ગઈ તે તો જાણી ના શકાય છે
તૂટ્યું માળાનું બંધન એ રીતથી,
પ્રભુની ઈચ્છા માની તમે તે દિનથી
સાંજે ફરવાનો ક્રમ કોઈક વારનો,
મૌન વ્રત છતાં સહજ રીતે તે ચાલતો
જંગલની પગદંડી પર એકવાર જો,
ફરવા ચાલ્યા લાકડી લઈ સાથે અહો !
ઓચિંતુ રીંછ સામે આવેલું જુએ,
ચંપકભાઈ જાણ કરે સાચી ખરે
પરન્તુ પથ્થર સાથે લાકડી મારતા,
'ૐ' ની ગર્જના કરી ભગાડતા

વિજય મેળવ્યો નિદ્રા પર કંઈ દિનથી,
રાત બધી તેથી જપ-ધ્યાને વીતતી,
પ્રાર્થના સાધન માન્યું તમે પ્રભુ પંથનું,
એ સાધનથી જે જે માગ્યું તે મળ્યું
પ્રાર્થના-જપના સાધનથી એક દિન ત્યાં,
પ્રભુ કૃપાથી રામનું દર્શન થાય ત્યાં
માળા, મુકુટ, પીતાંબર ધારીને હવે,
રામચંદ્ર પ્રભુ પોતાનું દર્શન ધરે
અનુભૂતિઓ તો જીવનમાં મળતી રહી,
ચંપકભાઈ જાણે સઘળી તે ખરી
કાર્ય તમે તો બંધ કરેલું પત્રનું,
સર્વ પ્રકારે સાધનામાં મનને ધર્યું
લખે જરૂરી પત્રો ચંપકભાઈ તે,
માતાજી અને નારાયણભાઈને હવે
સાધના કેરા સમાચાર આપતા,
સમજભર્યો સાચો સદ્‌ભાવ રાખતા
રઘુનંદન શ્રીરામની કૃપા મળી પછી,
ઈચ્છા જાગી દર્શન કરવા શિવની
ફરી પ્રાર્થના સાધનથી વળી શિવના,
પ્રયત્નો હવે દર્શન કાજ શરૂ થયા
નાનકડો ફોટો પાસે શિવજી તણો,
સામે રાખી પ્રયત્નને પ્રેમે કર્યો
એક જ દિનની પ્રાર્થનાને અંતે તમે,
ઝાંખી પામ્યા શિવ યોગીની તો તમે
દશરથ પર્વત પર અનુભૂતિ ઘણી થઈ,
દર્શન સિદ્ધ પુરૂષોના કરતાં અહીં
ધ્યાનની સાધનામાં મંત્રો મળતા હવે !,
અલૌકિક સહાયક તે બનતા ખરે !
એક અનુભવ સુણજો જે અદ્‌ભૂત છે,
સમાધિ દશા તણો પ્રેરક બનશે હવે
મંડળી સિદ્ધ પુરૂષોની ત્યાં તો વળી,
સુમધુર ગાન ગાતી તે ચાલી ખરી

ગાયત્રી મંત્ર સંક્ષિપ્ત રૂપમાં,
સિદ્ધ પુરૂષો ગાતા પરમાનંદમાં
નાનકડા નવીન મંત્રનું ગાન એ,
દિવ્યાનંદ ધરનારું સાચે જ તે
દશરથથી દેવપ્રયાગ આવીને હવે,
જંગલમાં એકાંતે વસતા ખરે
દશરથની અનુભૂતિની મૂડી વડે,
પ્રભુ નામનો વેપાર વધતો હવે
મૌનવ્રત લઈ અખંડ સાધના કરો તમે,
જંગલમાં મંગલ માની રહેતા તમે
કૃષ્ણના દર્શન કાજે દિવસ સાતનું,
પ્રાર્થના સાધન લઈને વ્રત કીધું હતું
આઝાદીની લડતે ચંપકભાઈએ,
દેશને કાજે ઝંપલાવ્યું જીવન ખરે !
પકડાયા, જેલ મહીંથી ભાગી હવે,
આવીને વસતા હિમાલયમાં હવે
દેવપ્રયાગે ઉલટ તપાસ થતી રહી,
તેથી ચંપકભાઈએ વિદાય હવે લીધી
દેપ્રયાગ છોડી દહેરાદૂનમાં,
વસે છતાં પણ સંત સમાગમ કરે ખરા
સુણી પ્રશંસા ઉત્તરકાશીની તમે,
સાધના કાજે મનડું હવે તો ત્યાં રમે
વસંત પંચમીના પાવન દિને તમે,
પ્રસ્થાન કર્યું ઉત્તરકાશી જવા હવે
ટીહરી થઈને ઉત્તરકાશી પહોંચવા,
ખભે ધાબળો, લીધું કમંડળ હાથમાં
સામાનનો થેલો લટકાવ્યો છે ખભે,
પગપાળા યાત્રા આરંભી ત્યાં તમે
અઠ્ઠાવીસ માઈલ તો ટીહરી હતું,
અજાણ માર્ગ વળી એકાંત ત્યાં હતું
પ્રભુ સ્મરણમાં દિવસભર ચાલ્યા તમે,
માર્ગે ઝરણા કેરૂં પાણી પીતા ખરે !

થાકો તો થોડું બેસી વળી ચાલતા,
ત્યાં તો સાંજ પડી સંધ્યા દર્શન થતા.
ઈચ્છા પ્રભુની માની રાત રહીશું ક્યાં ?
એમ વિચારી અંધારે ચાલો છો ત્યાં
પહાડી પુરૂષો પૂછે તમને પ્રેમથી,
'ચાલો અંધારે આ કોની શક્તિથી'
જાણે કસોટી કરતા હો એ રીતથી !,
અંધકારમય અજાણ વાટે તે વળી !
'પ્રભુની શક્તિ સહાયક બની રહી અહીં,
સત્ય સનાતન વાણી તમે સામે ધરી
અંધારે વળી પૂછે, 'તમારે ક્યાં જવું ?,
વીસેક માઈલ ટીહરી તો હજી છે ખરું.'
'માર્ગે કોઈ મુકામનું પણ સ્થાન ના,
કૃપા કરીને ચાલો અમારા ગામમાં.'
ઈચ્છા પ્રભુની માની ચાલ્યા ત્યાં તમે,
વાતો કરતા નાના અજાણ ગામ એ
નાનકડા ઘર પાસે તાપણીએ તપી,
તમને ભોજન કરાવતા તે ભાવથી
વહેલી સવારે પણ ભોજન તે કરાવીને,
દક્ષિણા ધરી વિદાય આપે છે હવે
ચાલ્યા આગળ ટીહરીના માર્ગે તમે,
વહેલી સવારે વાટે કોઈ પૂછે હવે
'રાત ક્યાં હતા આ એકાંત પ્રદેશમાં'
'પાસે નાનકડા ગામે રહ્યા રાત ત્યાં'
સાચું ના માન્યું એ વહેલી સવારમાં,
'આ જંગલમાં આસપાસ કોઈ ગામ ના'
'સ્વપ્ન કે જાગૃતિમાં જોયું તમે,
સાચું બોલો સવારમાં પૂછીએ અમે.'
પ્રભુ કૃપાના પ્રસંગમાં દલીલ ના,
શોભે ભક્ત પુરૂષોને ત્યાં લેશ ના
તેથી મૌન ધરીને ચાલ્યા માર્ગમાં,
પ્રભુ કૃપાનું સ્મરણ હૃદયમાં ધારતા

વાહ પ્રભુ ! તેં કૃપા કરીને બતાવીયું,
જંગલ વચ્ચે નાનું ગામ વસાવીયું
ધન્ય ધન્ય દિવ્ય શક્તિ એ ભગવંતની,
વિચારીને ચાલ્યા જતા ટીહરી ભણી
અક્ષર દેહે પ્રભુ જાણે પ્રત્યક્ષ આ,
પ્રગટ્યા છે યોગેશ્વર લીલામૃતમાં
સમજે જાણે કોણ કૃપાની રીતને,
કૃતકૃત્ય બને જાણી વિરલા પાત્ર તે
રસ્તે રઝળતા ફૂલડાને પહોંચાડજો,
યોગેશ્વર ભગવંત તમારે દ્વાર જો
ચઢે મસ્તકે કૃતકૃત્ય બનવા વળી,
લેખન અંતે પ્રાર્થે છે સર્વેશ્વરી
શ્રીચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્‌ગુરૂના ચરણે હવે,
ધરીએ પ્રેમે ચોથા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્‌ગ્રંથને,
નમીએ સદ્‌ગુરૂના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્‌ગુરૂનો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !

* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

## પાંચમો અધ્યાય

આ અધ્યાયના પાવન પ્રારંભે હવે,
પ્રણામ કરીએ પરમાનંદ સ્વરૂપને
સર્વેશ્વરીના જીવનદાતા એ જ છે,
સદ્‌ગુરૂ શ્રી યોગેશ્વર એ ભગવંત છે

બ્રહ્મા, વિષ્ણુ સ્વરૂપે કાર્ય કરે અને,
કલ્યાણ પરમ કરવા શિવજી એ બને
ત્રિદેવરૂપે સદ્ગુરૂ સ્વામી નાથને,
વારે વારે વંદન વ્હાલા આપને
સરસ્વતી રૂપે પણ આપ પધારતા,
શ્રી યોગેશ્વર લીલામૃત લખાવતા
ગુરૂ માવડી સરસ્વતીના રૂપમાં,
દૈવી કથા હિમાલય તણી સુણાવતા
ગુરૂ માવડી લેખન કાર્યે લીલા કરે,
સમજે તે તો સહેજે શ્રદ્ધાથી તરે
નમન કરો સૌ નેહભરીને નાથને,
નંદનવન કરજો આ જીવનને હવે
ટીહરી આવી પહોંચ્યા પગપાળા તમે,
પ્રવેશ કરતા સહાય ઓચિંતી મળે
અજાણ બાળક લઈ જાય મંદિરમાં,
ભોજન નિવાસ કરી સગવડ થાય ત્યાં
ભીલંગણા ને ભાગીરથીના સંગમે,
ટીહરીના એ બદરીનાથના મંદિરે
સાધના સ્થળની પસંદગી  પ્રભુની હતી,
સાચા સંતોની પધરામણી ત્યાં થતી
પ્રવેશ જ્યારે ટીહરીમાં કીધો તમે,
ઓગણીસો ચુંમાલીસનું છે વર્ષ તે
તેવીસ વર્ષની નાનકડી વયમાં તમે,
સાધક મટી ને સિદ્ધપુરૂષ બનતા હવે
રામતીર્થ જ્યાં વસ્યા હતા તે સ્થાનમાં,
ગંગા કાંઠે જઈ દર્શન ત્યાં કર્યા
ત્યાં પથ્થર પર પગ લપસ્યો વળી આપનો,
બાજી બચાવી લીધી પ્રભુનો પાડ જો
હરિદ્વારમાં બ્રહ્મચારી સત્સંગમાં,
તેજસ્વી એક સંત પુરૂષ મળતા હતા
ઓચિંતા તે સંત પુરૂષ પધારતા,
ટીહરીમાં મળી આનંદ પ્રગટાવતા

વેદબંધુ તે સંત પુરૂષનું નામ છે,
સાધના વિવિધ કરીને યોગી બન્યા છે તે
સાધના કેરા અનુભવના ભંડાર તે,
દિવ્ય અનુભૂતિની વાતો તમને કરે
કહો તમે પણ તમારી અનુભૂતિ બધી,
પ્રસન્ન થાયે વેદબંધુ એ સાંભળી
પ્રભુરૂપનું દર્શન વેદબંધુને થયું,
જાણીને આનંદિત બનતા તમે
મંદિરની નાનકડી ઓરડીમાં તમે,
બંધ બારણે ધ્યાનસ્થ રહેતા ખરે
રાત બધી પણ બેસીને વીતાવતા,
સમાધિમાં  વિશ્રામ તનને આપતા
મંદિરના એ પવિત્ર સ્થાનને થતા રહ્યા,
અદ્ભૂત અનુભવો સાધના કેરા પંથમાં
કુંડલિની શક્તિનો અનુભવ એક ત્યાં,
મધરાતે થયો બેઠા જ્યારે ધ્યાનમાં
પૂર્ણ પ્રકાશિત કરોડરજ્જુ ત્યાં બની,
સુક્ષ્મ, દિવ્ય શક્તિનું તત્વ ચઢાવતી
હજાર દીપક જેવા પૂર્ણ પ્રકાશમાં,
અનુભવ કરી રહ્યા એવો અદ્ભૂત ત્યાં
સાથે તરત જ બીજો અનુભવ થાય જો,
નિર્વિકલ્પ સમાધિ દશા કહેવાય જો
ઉઠી સવારે વેદબંધુને કહ્યું તમે,
કુંડલિનીનો અનુભવ રાતે મળ્યો મને
સુણી વેદબંધુને અતિઆનંદ જો,
ભેટી પડ્યા ને કહ્યું તમોને ધન્ય હો !
ઉત્તમ અનુભવ કુંડલિનો મળતા તમે,
માની લીધું પ્રભુકૃપા વિણ ના મળે
નાથ સંપ્રદાયના સાધુઓ મળે,
સાધના કાજે મંદિરમાં તેઓ વસે
ખેચરી ક્રિયામાં રસ લેતા તે ઘણો,
થયું તમોને, અનુભવ એ લેવો ખરો

વેદબંધુને ઈચ્છા દર્શાવી તમે,
કહે વેદબંધુ એ નથી જરૂરી તે
'મહાપુરૂષ તમે છો સાધારણ નથી,
ક્રિયા વિના પણ મેળવવાનું ગયું મળી.'
છતાં તમારો આગ્રહ જોઈને કહે,
'ભલે પ્રયોગ કરાવું હું આજે હવે'
બજારમાંથી એમ કહી લાવે હવે,
ખેચરી ક્રિયા કાજે સામગ્રી ખરે.
જીભ નીચેની નાડી તમારી કાપતા,
દોહન, ઘર્ષણ કેરી ક્રિયાઓ કરાવતા
ખેચરી ક્રિયા કેરો પ્રયોગ કર્યો અહીં,
તો પણ જીભ તમારી લાંબી ના થતી
તમે પધારો વેદબંધુના આગ્રહે,
ઉત્તરકાશી નહીં, ઋષિકેશે હવે
તે દિવસોમાં રાત્રે ગાયત્રી જપો,
ભગવાન આશ્રમના સ્થાને પ્રેમે વસો
મધરાતે એકવાર અનુભવ થાય જો,
જપ કરતા ખુલ્લી આંખે જોવાય તે
અંધારા એ બંધ ઓરડામાં તમે,
સિદ્ધ મહાત્માનું દર્શન કરતા હવે
શ્વેત ધોતી, કફની વળી આંખો બંધ છે,
અખંડ યૌવન વિલસે મુખમંડળ પરે
હાથમાં મોટા મણકાની માળા ફરે,
ટૂંકો ગાયત્રી મંત્ર તે તો જપે
પ્રકાશમય ને ગૌર શરીર તે તો હતું,
પડછાયા વિનાનું અદ્‌ભૂત દિસતું
પદ્માસનમાં જમીનથી અધ્ધર રહી,
બેઠા મહાપુરૂષ એ દિવ્ય સ્વરૂપ સજી
ધીરે ધીરે ઝાંખુ તે તો થયું ખરે,
જ્યાંથી પ્રગટ્યું ત્યાં જ વિલિન થયું હવે
દર્શન સાચે આનંદ ધરનારું તે,
શાસ્ત્રે વાંચેલું તેવું અનુભવે મળે

ૐ સ્વામીની સાથે તમે હવે જતા,
દહેરાદુનમાં યોગી ભૈરવ જોષી જ્યાં
લાંબા સમયે ચંપકભાઈ ત્યાં મળે,
અનુભવની વાતો સંભળાવો છો તમે
તમે શાંતિ પામ્યા જાણી હરખાય તે,
સાચા પ્રેમી ચંપકભાઈ છે ખરે
મસૂરી થઈ ઉત્તરકાશી જવું ઘટે,
વિચારતા સાથીદારો આવી મળે
શિવાલયે બે સંન્યાસીઓ મળે હવે,
ઉત્તરકાશી પગપાળા જવા ચહે
નક્કી દિન કરીને લીધી વિદાયને,
ચંપકભાઈ બેસાડે બસમાં હવે
જઈ મસૂરી, ઉત્તરકાશી પહોંચવા,
ચાલ્યા પગપાળા સંન્યાસી સંગમાં
ખભે ધાબળો લીધું કમંડળ હાથમાં,
થેલો લટકાવીને તમે ચાલ્યા જતા
ત્રણ દિવસમાં પહોંચ્યા ઉત્તરકાશીમાં,
માર્ગે વાર્તાલાપો વિવિધ થતા રહ્યાં
દર્શન કરીને વિશ્વનાથ મંદિરના,
સાંજે પ્રવેશ કીધો ઉત્તરકાશીમાં
ધર્મશાળા બિરલાની જાણીતી ત્યાં,
દર્શન કરીને મુકામ હવે કરો છો ત્યાં
ઉજેલી વિસ્તારે નાની એક ઓરડી,
કૈલાસ આશ્રમ પાસે તે આવી હતી
વસો ત્યાં પછી સંન્યાસીના સંગમાં,
કાલી કમલી ક્ષેત્રની ભિક્ષા પામતા
ભિક્ષા લઈને ગંગાજીના પથ્થરે,
બેસી પ્રસાદી લો બપોરે એ રીતે
ભિક્ષામાંથી ચાર રોટલી કાઢીને,
સાંજને માટે રૂમાલમાં બાંધો તમે
રોટલી ખાઈ, પાણી પીને ચલાવતા,
સાંજનો ક્રમ સાચા સાધકનો પાળતા

ત્રણ પ્રવાહો જ્ઞાન, ભક્તિ ને યોગના
પૂરક બનીને જીવનમાં તે ચાલતા
ઉત્તરકાશીમાં તે પ્રબળ બન્યા હવે,
ધ્યાનમાં તેથી દર્શન પ્રભુનું થયા કરે
અવસ્થા અલૌકિક તમારી એ હતી,
વળી મસ્તી માણો ભર્તુહરિ શ્લોકથી
ધન્ય અનેરા દિવસો એ વીતી રહ્યા,
સાર્થક જીવન યુવાનીનું કરતા રહ્યા
સાધક મટીને સિદ્ધપુરૂષ બન્યા હવે,
બંધન છોડી જીવનમુક્ત બન્યા તમે
જ્ઞાની, યોગી અનુભવી, ભક્ત આપ છો,
આ અધ્યાયે લખાયો એનો સાર જો
ગુજરાતના નાનકડા આ બાળે કરી,
સાધના કેવી હિંમત ને ધૈર્યભરી !
સુણીને હવે કરો જીવનમાં સાધના,
સદ્ગુરૂના હૃદયે છે એવી ભાવના
સર્વેશ્વરી તો સદ્ગુરૂના આદેશથી,
મથામણ કરે પ્રભુપંથે બે વર્ષથી
લીલામૃતનું લેખન એ પણ સાધના,
સ્મરણ મનને વીતે છે જીવન અહા !
તપસ્વી, યોગી જ્ઞાની સદ્ગુરૂ  દેવ હે !
પ્રકાશપંથ ધરો અમને પણ આજ તે
આપ પ્રભુની પૂર્ણ કૃપા પામી અમે,
પાછળ પગલાં ભરીએ જપ કરતા હવે
દિવ્ય શક્તિથી લખી રહ્યા છો એ ખરે,
વિચારતા અંતર સદ્ભાવે નમે
અંતે અંતરના અનુરાગે આપને,
વંદન કરીએ દૂર કરો ત્રિતાપને
શ્રીચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્ગુરૂ ના ચરણે હવે,
ધરીએ પ્રેમે પાંચમા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્ગ્રંથને,
નમીએ સદ્ગુરૂ ના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્ગુરૂ નો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો  જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !

* * *

**ॐ યોગેશ્વરાય નમઃ**

## છઠ્ઠો અધ્યાય

કલ્પવૃક્ષ છો સદ્ગુરૂ સાધકના ખરે !
સમર્પણ કરી માંગો તે સઘળું મળે
પરમ શાંતિની છાયા દેતા જીવને,
કૃપાતણા અમૃતફળને આપે છે તે
યોગેશ્વર ભગવંત કલ્પવૃક્ષ છે,
શાંતિ પામે અશાંત એને છાંયડે
જન્માતંરના સંસારીના થાકને,
મટાડી પળમાં આપે છે વિશ્રામ એ
સાચું ઔષધ એ તે છે ભવરોગનું,
લે જો સમજી શરણું કલ્પવૃક્ષનું
કલ્પવૃક્ષની છાયામાં સર્વેશ્વરી,
સમર્પણ કરી બની જશે પરમેશ્વરી
સર્વ સમર્પણ કરશે જ્યારે તે ખરે,
સદ્ગુરૂ પ્રત્યક્ષ ત્યારે પડખે હશે
દિવ્ય શક્તિ સર્વેશ્વરીમાં ભરતા રહે,
જીવન-કથની એ રીતે લખતા રહે
છઠ્ઠા અધ્યાયના આરંભે હવે,
દંડવત હો સદ્ગુરૂ  કલ્પવૃક્ષને !

તપશ્ચર્યાથી અમૃતફળો કેવા મળે ?
જાણીશું આ અધ્યાયે મધુરા મળે !
એક દિવસ ઉત્તરકાશીમાં તો હવે,
મળે મહાત્મા યોગાભ્યાસે પ્રવિણ તે
બતાવી ખેચરી કાજે જડીબુટ્ટી ખરી,
કર્યો પ્રયોગ તમે ઉત્સાહ ધરી વળી
પ્રયોગમાં પૂરી સફળતા ના મળી,
પ્રાર્થના કેરી સાધના અજમાવી ફરી
ચમત્કાર કરે પ્રાર્થના સાધન તે વળી,
ઓચિંતો અનુભવ ધરે છે તે અહીં
નિયમ પ્રમાણે કરો પ્રાર્થના જાગીને,
અચાનક જીભ લાંબી થઈ પળવાર એ
તાળવે ચોંટી દિવ્ય રસ લેવા હવે,
દેહભાન ભૂલાયું અનુભવમાં ખરે !
લાંબા સમયે જાગૃતિમાં આવ્યા તમે,
ત્યારે પણ જીભ તાળવે જઈને રસ ગ્રહે
સતત અનુભવ ત્રણ દિવસ ચાલી રહ્યો,
નોંધપાત્ર ને આનંદદાયક તે હતો
તે દિવસોમાં એક અનુભવ વળી મળે,
આત્મજ્યોતનું દર્શન જાગૃતિમાં મળે
પ્રકાશપૂંજ સમી જ્યોતિ ચળકી રહી,
મસ્તકથી બે હાથ ઉપર તે સ્થિર બની
શાસ્ત્રે કથેલું એ દર્શન બે દિન ત્યાં,
મળ્યું કલાકો સુધી પ્રભુની કૃપા જ ત્યાં
પ્રભુકૃપા ને પાત્રતા જો હોય તો,
દર્શન આત્માનું એ રીતે થાય જો
અનુભવોનું ઉઘડ્યું મંગલ દ્વાર એ,
સહાયક બન્યું સાધનાપંથે તે ખરે
લક્ષેશ્વર મહાદેવના એકાંતમાં,
વેદબંધુએ કહેલું વસવા ખાસ ત્યાં
સ્મરણ થતાં પહોંચ્યા લક્ષેશ્વર સ્થાનમાં,
ગમ્યું ખરું પણ પ્રકાશ ના મળે સ્થાનમાં
પાછા ફર્યા ના રહ્યા ત્યાં એકાંતમાં,
રાતે ધ્યાનમાં પ્રગટ્યા સિદ્ધ મહાત્મા
ધ્યાનમાં તે તો લઈને ચાલ્યા આપને,
આકાશેથી ઉડી પહોંચ્યા સ્થાન તે
નીચે ઉતારી પૂછે ક્યાં અંધારું છે ?
તમે જોયું તો સાચે ત્યાં અજવાળું છે !
કબુલ કર્યું કે પ્રકાશથી ભરપૂર છે !
લક્ષેશ્વર મહાદેવ તણું સ્થળ તે ખરે
જ્યાંથી ચાલ્યા ત્યાં હવે પહોંચાડવા,
સ્પર્શ કરીને શરીરને ઉડાડતા
અદ્રશ્ય થયા મહાપુરૂષ ત્યાં તો હવે,
ખોલી આંખ તો કુટિયામાં બેઠા તમે
અનુભવ શાંતિપ્રદાયક તો એવો મળ્યો,
સાધના ક્ષેત્રે સુખદાયક તે તો ઠર્યો
રોજ લગભગ એક અનુભવ એ મળે,
ગંગાજીનો એ અનુભવ પણ દિવ્ય છે
શ્રી ગંગાજીની આરતી કે પૂજા તણું,
સાંભળવા મળે દિવ્ય સ્વરોમાં ગીતડું
પાત્રતા જોઈ અનુભવ જાણે પધારતા !
વિરલા તમારા જેવા અનુભવ પામતા
કઠિન તપસ્યાના અમૃતફળને તમે,
મેળવતા આનંદે વસી હિમાલયે
એક દિવસ ત્યાં રમણ મહર્ષિ ને વળી,
સંત જ્ઞાનેશ્વર દર્શન દેતા સ્નેહથી
ધ્યાનમાં દરિયા કાંઠે ઉભા છો તમે,
રમણ મહર્ષિ પાણી પર લઈ જાય છે
દક્ષિણમાં રમણાશ્રમમાં પહોંચો તમે,
કોચ ઉપર બેસાડી પાસે તે કહે
'કાર્ય મહત્વનું હવે કરશો તમે,
જાણ્યું છે મેં મહાન છો સાચે તમે'
રહસ્ય પણ બીજું ઉઘાડ્યું તેમણે,
અનુભવ આપ્યો કૃપા કરીને એમણે

અનુભૂતિ એ જીવંત દિવ્ય સંતની,
પામ્યા પહેલીવાર  સાધના પંથની !
વળી શ્વેત વસ્ત્રધારી પદ્માસને,
વૃક્ષ નીચે ધ્યાનસ્થ શ્રી જ્ઞાનેશ્વરે
તેજસ્વી વળી શાંત સુવર્ણ રૂપથી,
દર્શન દીધું તમને સ્નેહ થકી વળી
આનંદ થયો બન્ને અનુભવથી અહીં,
મહાપુરૂષનો પ્રેમ વધ્યો અંતર મહીં
વારંવાર પ્રણામ કરી કૃતકૃત્યતા,
અનુભવતા જીવનમાં સાચી ધન્યતા
ભિક્ષા લેવા અન્નક્ષેત્રની તો હવે,
વિશ્વનાથ મંદિર થઈ રોજ જતા તમે
મહાત્મા નાગાજીના મંદિરમાં વસે,
મૌનવ્રતી પૂર્ણ અનુભવી સાચે જ તે
આનંદિત થતાં મળી તમને વળી,
ઉપદેશ ધરી સંકેત કરીને અહીં
જીભ ઉપસ્થે સાધુપુરૂષ સંયમ કરે,
તે તો સહેજે જીવનને જીતે ખરે
મૌન થકી પણ સત્સંગ તમે પામતા,
શ્રદ્ધા ભક્તિ તણું ભાથુ વળી બાંધતા
ગંગોત્રીના પ્રસિદ્ધ કૃષ્ણાશ્રમ વળી,
સ્વામી તપોવન વળી શ્રી પ્રજ્ઞાનંદજી
દેવગિરિજી ને વળી મોતીલાલજી,
વિવિધ સંતોના દર્શન મળતા ત્યાં વળી
દિવ્ય અનુભવ હવે પછીથી જે મળ્યો,
જીવનમાં ચમકારો તો તેણે ધર્યો
પૂર્વ જન્મનું જ્ઞાન પામવાને હવે,
પ્રાર્થના સાધનથી પ્રયત્ન કરો તમે
પરિણામ કશું ના મળ્યું એ પ્રયોગથી,
ત્યાં તો જમનોત્રીની યાત્રા તમે કરી
સંન્યાસી સંગે જમનોત્રી ગયા,
રાતે નિયમ પ્રમાણે ધ્યાનસ્થ થયા

દેહભાન ભૂલાયું ત્યાં ક્ષણવારમાં,
પહોંચ્યા જાણે કોઈ નવીન પ્રદેશમાં
મહાત્માની દિવ્ય સભા ત્યાં તો હતી,
પ્રવેશ કરતા સૌએ ઉભા થઈ વળી
પુષ્પ વૃષ્ટિ કરી, ઉંચા આસનને દીધું,
સુમધુર સ્વરથી સ્વાગત કીધું આપનું
મહાપુરૂષે શ્રીમુખથી પ્રગટાવીયું,
પૂર્વ જન્મના જ્ઞાનને ઓચિંતુ ધર્યું
ધ્યાનદશામાં અતિશય આનંદ થાય છે,
જાણે જમનોત્રી યાત્રા સાચી ફળે
થોડા દિવસોમાં ગંગોત્રીમાં વળી,
એ જ અનુભવ પાછો પામો છો અહીં
ત્રણ વરસ એ અનુભવ તો મળતો રહ્યો,
સંતના શ્રીમુખથી તે સુણવાને મળ્યો
બદરીનાથની યાત્રામાં પાછું મળ્યું,
કુલાનંદ મહાત્માએ તે તો કહ્યું
પૂર્વ જન્મના રહસ્યને જાણો છતાં,
ગુપ્ત રાખીને તમે સદા ફરતા હતા
અંતે પ્રકાશપંથના ગ્રંથે તે ધર્યું,
પૂર્વ જન્મમાં બંગાળે તનને ધર્યું
પરમ હંસ શ્રી રામકૃષ્ણ ઠાકુર જે,
પૂર્વ જન્મમાં હતા તમે પણ તે રૂપે
રામકૃષ્ણ જે મહાપુરૂષ તે તો હવે,
યોગેશ્વર ભગવંત સ્વરૂપે વિચરે
પૂર્વજ્ઞાન સુણી અચરજ એમાં થાય ના,
કઠિન સાધનાથી કશું અશક્ય ના
વંદન અગણિત રામકૃષ્ણ રૂપને ખરે,
નમન નેહથી યોગેશ્વર ભગવંતને
પ્રાર્થના માત્રથી સિદ્ધ બધું બનતું ખરે,
આપના જીવન દ્વારા તે સમજાય છે
સાધના પંથે અમૃતફળ કેવા મળ્યા,
આ અધ્યાયે તેને તો રસથી ધર્યા

કરો સાધના તો સમજાયે માર્ગ આ,
કઠિન, ભયંકર છતાં શાંતિ દેનાર હા !
પ્રેરક યોગેશ્વર લીલામૃત વાંચતા,
પરમાનંદ જીવનમાં સહેજે પામતા
પ્રાર્થના કેરો નિયમ તથા જપનો લઈ,
ચાલો સદ્‌ગુરૂ પંથે પગલાંને ભરી
વાંચન સફળ બને જીવનમાં ઉતારતા,
સદ્‌ગુરૂ એવા માર્ગો અનેક બતાવતા
અંતે શરણું લઈએ સદ્‌ગુરૂ દેવનું,
કરીએ પ્રાર્થના 'રક્ષણ કરજો સર્વનું'
કલ્પવૃક્ષ કલ્યાણ કરનારૂં બનો,
સાધક કાજે ઉપકારક તે તો ઠરો
વારંવાર પ્રણામ સદ્‌ગુરૂ દેવને,
પ્રસન્ન થઈને દર્શન દેજો દેવ હે !
શ્રીચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્‌ગુરૂ ના ચરણે હવે,
ધરીએ પ્રેમે છઠ્ઠા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્‌ગ્રંથને,
નમીએ સદ્‌ગુરૂના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્‌ગુરૂનો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !
* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

# સાતમો અધ્યાય

જનની પોતાના નાનકડા બાળને,
સંભાળે છે જીવનભર દુઃખ વેઠીને
સાપ કે આગની પાસે પહોંચે બાળ તો,
દોડી દૂર કરી ઉંચકી લે છે અહો !
સદ્‌ગુરૂ બનતા સાધકની જનની ખરે !
સંભાળે છે તે માયાચક્રે તે હવે
સંસાર સાગરે ઊંડે ઉતરે બાળ જો,
આઘાતો, પ્રતિકુળતા ધરી ઉંચકે અહો !
પહોંચાડે પ્રભુપંથે પરમાનંદ જ્યાં,
માત બનીને સાધકને રક્ષે છે ત્યાં
સર્વેશ્વરીની યોગેશ્વર છે માવડી,
જીવન વનમાં દીધી જેણે પાવડી !
કંટક-કંકર ક્યાંયે ના અડશે હવે,
સાધના પંથે સદ્‌ગુરૂ દોરે છે ખરે
માત બનીને જીવન-રક્ષા એ કરે,
બાળની કલમે બેસીને લેખન કરે
ગુરૂ યોગેશ્વર માવડીના અંકે હવે,
સર્વેશ્વરીને આઠે પ્રહર આનંદ છે
અંકે બેસાડી તપ વ્રતની સાધના,
કઠિન કરાવે હેતે એ આરાધના
આકાશે છે તારા અગણિત તેમ જો,
શત્રુ એટલા સંસારે કદી હોય તો
તો પણ વાંકો થાયે ના કદી વાળ જો,
એવો સમર્થ સદ્‌ગુરૂ માતનો અંક જો
સદ્‌ગુરૂ શ્રી યોગેશ્વર લીલામૃતની,
પ્રારંભ થશે હવે કહાણી સાતમી
સિદ્ધપુરૂષ શ્રી યોગેશ્વરને વંદના,
તોડી દો સઘળા ચક્રો ભવબંધના
ઉત્તરકાશીમાં જપ-ધ્યાનની સાધના,
કરતા અખંડ તમે વળી આરાધના
પરમ શાંતિ વળી જીવનમુક્ત દશા મળી,
શિવોહમ, શિવોહમ અંતર ગાતું અહીં
ચારધામની યાત્રા સાથે થાય એ,
ચંપકભાઈની ઈચ્છાને જાણી તમે

તૈયાર થયા યાત્રા કાજે તો હવે,
ચંપકભાઈના અંતરે આનંદ છે
માતાજી જ્યોતિર્મયી તો સરોડા વસે,
બાળક એનો ઉત્તરકાશીમાં વસે
મેળાપ તણી ઈચ્છા ચંપકભાઈની,
તેથી પત્ર લખે માતાજીને હવે
આતુર બન્યા માતાજી મળવા હવે,
દોઢ વરસથી મૂંઝાતા ઘરમાં ફરે
બાળભક્તની વાત સુણે જો કથા મહીં,
આંખમાં આંસુ ને બેહોશી ત્યાં થતી
દશા એ હતી માતાજીના અંતરે,
કોણ મંજૂરી આપે હિમાલયે ?
છતાં માતના હૈયે હિંમત છે ઘણી,
ભાઈને સમજાવીને નીકળ્યા ત્યાં વળી
મસૂરી સુધી મનુભાઈ મૂકી જાય ને,
ચંપકભાઈ  સંભાળે હવે માતને
જમનોત્રી પગપાળા યાત્રા કરી હવે,
ઉત્તરકાશી પહોંચવા મન આતુર છે
ધન્ય પળોમાં પહોંચ્યાં ઉત્તરકાશીમાં,
ભિક્ષા લઈ તે સમયે ગંગાજી જતા
દૂરથી દર્શન કીધા માતાના તમે,
પહોંચી પ્રેમે પ્રણામ કીધા માતને
આંસુ પ્રેમના વહ્યા પુત્રદર્શન થકી,
દોઢ વરસે  મળ્યા હિમાલયમાં અહીં
વેશ તમારો તપસ્વી જેવો લાગતો,
દાઢી સાથે તેજસ્વી તે ભાસતો
ધર્મશાળામાં મુકામ તે બન્ને કરે,
ભોજન પામી પધારો કુટિયામાં તમે
ત્યાં બેસીને પહોંચ્યાના પત્રો લખે,
માતાજીનું અંતર સુખાનુભવ કરે
તપસ્વી બાળને સંસ્કારી માતા તણું,
મિલન કરાવ્યું ચંપકભાઈએ ખરે

ધન્યવાદ અંતરથી ચંપકભાઈને,
શ્રદ્ધા-ભક્તિ, હિંમતને પણ ધન્ય છે
ચંપકભાઈ, માતાજી સાથે તમે,
ચાર ધામની યાત્રાઓ કરતા હવે
પગપાળા પ્રસ્થાન કર્યું બીજા દિને,
ગંગોત્રીના દર્શન પ્રથમ કર્યા તમે
પ્રજ્ઞાનંદ ને કૃષ્ણાશ્રમ સંતો મળ્યા,
ફલાહારી મહાપુરૂષના દર્શન કર્યા
શ્રી કેદારની યાત્રા હવે કરો તમે,
પહોંચ્યા બદરીનાથના દિવ્ય ધામ જો
તપસ્વી બચ્ચીદાસના દર્શન ત્યાં થયા,
બ્રહ્મચારી પ્રભુદત્તના સત્સંગમાં ગયા
દેવપ્રયાગે પગપાળા પહોંચી તમે,
ચંપકભાઈ ચાલ્યા ઋષિકેશે હવે
દિવ્ય કૃપા યાત્રામાં વરસી તો રહી,
આર્થિક સહાય ચંપકભાઈની મળી
માતાજી પાસે પણ અલ્પ મૂડી હતી,
તેથી સુખપૂર્વક યાત્રા પૂરી થતી
માતાજી સાથે આવો ઋષિકેશમાં,
ભગવાન આશ્રમમાં મુકામ કરો છો ત્યાં
માતાજી અતિ માંદગીમાં સપડાય ત્યાં,
જાણે કે બચવાની આશ જરાય ના
તપસ્વી પુત્રની છાયામાં સુતા છે તે,
ત્યાં તો માતને રામનું દર્શન થાય છે
તેજોમય મુખમંડળ મુકુટ સાથમાં,
મધરાતે માતા એ દર્શન પામતા
ઉઠી સવારે સ્વસ્થતા વધી રહી હવે,
શ્રીરામની કૃપા વરસી રહી એ રીતે
અજાણ ભાઈનો મનીઓર્ડર આવે હવે,
પ્રભુકૃપાએ સહાય ઓચિંતી મળે
ચંપકભાઈ સાથે છૂટા પડી હવે,
યાત્રા કરીને ગુજરાતે પહોંચો તમે

પ્રયાગરાજ, અયોધ્યા, કાશીની વળી,
વ્રજમંડળની પાવન યાત્રાઓ કરી
પોણા બે વરસે આવો છો વડોદરા,
દર્શન ફરી કરો છો શાંતાશ્રમના
માતાજી ને તારાબેન છે સાથમાં,
થોડા દિવસો માટે સરોડા પધારતા
ઓગણીસો ચુંમાલીસનું એ વર્ષ તો,
સાચે અવનવી ઘટનાને લાવ્યું છે જો
ઉત્તમ અનુભવો, મહાપુરૂષનો સંગ ને,
માતાનો મેળાપ ને યાત્રાઓ ખરે
પૂર્વ જન્મનું જ્ઞાન મળ્યું આ વર્ષમાં,
શાંતિપ્રદાયક સાચે બન્યું પ્રભુપંથમાં
સરોડામાં સુખપૂર્વક થોડું રહી તમે,
વિદાય લો છો માતાજીની તમે હવે
બાળસખા મુંબઈમાં વસતા આપના,
શ્રી નારાયણભાઈ પ્રેમી તે હતા
અંગ્રેજી ચોથા ધોરણની મૈત્રી એ,
મુંબઈના આશ્રમમાં પ્રારંભાઈ છે
ત્યાં પધારવા આમંત્રણ આપે હવે,
સ્વીકારતા આમંત્રણ પ્રેમે તમે
અમદાવાદ પહોંચી કવિવરશ્રી વળી,
ન્હાનાલાલ તણો મેળાપ થયો અહીં
હરિસંહિતાની હસ્તપ્રતને ધરે,
સ્નેહે સાહિત્યની વાતો તે કરે
ભજનો પણ સંભળાવે છે તે પ્રેમથી,
મળ્યા તમે પણ તેને સાચા ભાવથી
પછી ગયા શ્રી નારાયણની પાસ જો,
ઘરમાં અતિ આનંદ સૌને થાય જો
જીવન-સાધના કેરી વાત કરી તમે,
આનંદિત થયા સૌ સુણતા વાતને
સમજશક્તિ વળી સરળતા, સાદાઈને,
નારાયણનું હૈયુ કપટ વિનાનું છે
આપના સાચા ભક્ત બની સેવા કરે,
શ્રી નારાયણ જીદગી સાર્થક કરે ખરે !
ત્યાંથી વિદાય લીધી જવા હિમાલયે,
પરંતુ દિલ્હીથી પાછા ફરતા તમે
અવાજ આત્મા કેરો પામીને તમે,
પધારતા હવે સરોડા પાવનધામ જે
એક માસ તમે રહો સરોડા ધામમાં,
પછી પધારો રમણ મહર્ષિ ધામમાં
દક્ષિણના એ પ્રસિદ્ધ સંતપુરૂષ છે,
રમણ મહર્ષિના દર્શન કરશો હવે
મહર્ષિ પાસે રહીને કરીશું સાધના,
અંતરમાં જાગી હતી તે ભાવના
પરંતુ દર્શન માત્રથી તે પલટાય છે,
તેથી દર્શન કરીને લો છો વિદાયને
ઓગણીસો ચૂંમાલીસના એપ્રિલમાં,
ફરી પધારો તમે હિમાલય ધામમાં
દેવપ્રયાગના શાંતાશ્રમ એકાંતમાં,
નિવાસ કરવાની જાગી રહી ભાવના
ચક્રધર જોષીને મળો છો ત્યાં તમે,
કહે તે વળી વસો અહીં પ્રેમે હવે
સ્થાન બતાવ્યું ગામથી  દૂર એકાંતમાં,
આમ્રવૃક્ષની  છાયા ને ઝરણું છે ત્યાં
એક માસમાં નાનકડી કુટિયા બની,
શાંતાશ્રમના પાવન નામે તે મઢી
પસંદગી પ્રભુએ તો અદ્‌ભૂત એ કરી,
અદ્‌ભૂત સાધના કરાવવા કાજે અહીં
દેવપ્રયાગમાં શાંતાશ્રમની સાધના,
કેવી છે તે જાણીશું અધ્યાય આઠમાં
વંદન કરીએ શ્રી જ્યોતિર્મયી માતને,
પ્રણામ કરીએ તપસ્વી એના બાળને
યોગેશ્વર ચરણોની રજ સર્વેશ્વરી,
નિમિત્ત માત્ર બનીને તે તો લખી રહી

ગુરૂમાતની દિવ્ય શક્તિ પડખે ઉભી,
વંદન કરીએ શક્તિને અંતે ફરી
શ્રીચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્ગુરૂ ના ચરણે હવે,
ધરીએ પ્રેમે સાતમા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્ગ્રંથને,
નમીએ સદ્ગુરૂના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્ગુરૂનો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !

* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

## આઠમો અધ્યાય

શત શત વંદન સ્નેહે સદ્ગુરૂ નાથને,
પ્રણામ શત શત યોગેશ્વર ભગવંતને
જીવનમાં પ્રભુ ઈચ્છાનો જયકાર હો,
માનવ મનની ઈચ્છાનો પરિત્યાગ હો
કઠિન તપસ્યાનો સાચો ઈતિહાસ આ,
જીવી બતાવે જનસમાજમાં સંત આ
પધારો હવે યોગેશ્વર લીલામૃતે,
લખો તમારી તપ-વ્રતની વાતો ખરે
દેવપ્રયાગમાં શાંતા નદી ત્યાં તો વહે,
કુટિયા એકાંતે રમણીય ખરે દીસે
ઉંચી પર્વતમાળા મધ્યે હતી,
શાંત એકાંતે તપસ્વીથી તે શોભતી
ચક્રધરે ભિક્ષા માટે ઝોળી ધરી,
પરંતુ તેને તમે કદી પણ ના લીધી
હાથે રસોઈ બનાવતા ખીચડી હવે,
કાચી રહે તો ખીણમાં પધરાવો તમે
ફક્ત ખીચડી લગભગ રોજ જમો તમે,
સાથે બીજી વસ્તુ ના મળે
છતા પ્રભુની પ્રસાદી માનીને જમો તમે,
ભોજનનો ઈતિહાસ આવો ત્યાં હતો
ભિક્ષા માગે તેને તો મળતી હતી,
પરંતુ કદીયે ભિક્ષા માગી તમે નહીં
કરી કસોટી પ્રભુએ પણ થોડી ખરી,
વળી માત બની સંભાળી લે તે વળી
દેવપ્રયાગના શાંતાશ્રમને તો તમે,
તીર્થભૂમિ માનીને વંદો છો ખરે
વસતા ત્યાં, જે જે વિચારો તે તમે,
સફળ બનીને જીવનમાં આવી મળે
ચક્રધરના ગ્રંથાલયમાંથી તમે,
લાવી ગ્રંથોનું વાંચન કરતા હવે
સાધનામય જીવનમાં જરૂરી લાગતું,
તે તે સ્વીકારી તપમય જીવન ચાલતું
એક સાંજે વાનરનું ટોળું હવે,
શાંતાશ્રમમાં આવી તોફાનો કરે
બીજી સવારે દુર્ગંધ આવે છે જરી,
જોયું તો વાનર મૃત બન્યો અહીં
કેવી રીતે દૂર કરાયે તે વળી,
ચિંતા મનમાં વ્યાપી રહી થોડી જરી
પ્રાર્થના કેરૂં સાધન લીધું હાથમાં,
ગંધ દૂર થઈ મરેલ વાનરની જ ત્યાં
મરેલ વાનર પણ ના દીઠો ત્યાં તમે,
પ્રાર્થનાનો ઉત્તર એ રીતે તો મળે
પ્રભુની શક્તિ શરણાગતને સાચવે,
આપના જીવનમાં તે તો જોવા મળે
રામકૃષ્ણ ઉપાસ્ય ને વળી પૂજ્ય છે,
માન્યુ હતું જીવનભર એવું તો તમે

દક્ષિણેશ્વરના એ તીર્થ સ્થાનની,
મનમાં જાગી દર્શનની ઈચ્છા વળી
ધ્યાનમાં આજ્ઞા મળી 'જરૂર જાઓ તમે,
વ્યવસ્થા બધી થઈ તમારી ત્યાં ખરે'
આનંદ થયો આજ્ઞા મળવાથી ઉરે,
પ્રસ્થાનની તૈયારીમાં રાતે હવે
કાળા રંગની માનવ આકૃતિ દીસે,
ભરી બાથમાં, ક્યારે આવશો એ પૂછે !
જલ્દી આવજો તમારા વિના ગમે નહીં,
એમ કહેતા અદ્રશ્ય થઈ તે ખરી
ઓચિંતો અનુભવ મળ્યો છે તે છતાં,
સુમધુર શબ્દોમાં મનડું મોહાય ત્યાં
કોણ હશે એ સિદ્ધ, દેવતા કે પ્રભુ ?
કદાચ તે તો હોય રામકૃષ્ણ વિભુ ?
પાછળથી અનુભવે સમજાયું હવે,
સાચે તે તો 'મા' ભગવતી પોતે ખરે !
ઓગણીસો પિસ્તાલીસ, સપ્ટેમ્બર મહીં,
સોમવાર ને તારીખ ત્રીસમી તે હતી
પ્રણામ કીધા શાંતાશ્રમને પ્રેમથી,
પ્રસ્થાન કર્યું દક્ષિણેશ્વરમાં વળી
ભૂલમાં પહોંચ્યા કાલી મંદિરમાં તમે,
સહાય કીધી શ્રીહરિએ ત્યાં તો હવે
મોડી રાતે પહોંચ્યા દક્ષિણેશ્વરે,
તેથી અંધારે ત્યાં તો સુવા મળે
સવારે સ્નાન કરીને દર્શન કરો તમે,
રહેવું સાધના કાજ અહીં તેથી હવે
મંદિરના વહીવટદારોને મળો પછી,
નિરાશા મળી, પરંતુ શ્રદ્ધા ના ડગી
પુલિનબાબુ નામે ભક્ત ત્યાં આવતા,
રામકૃષ્ણને આરાધ્ય તે માનતા
મિત્ર એમના નેપાલીબાબુ ખરે,
કરે તમારા નિવાસની સગવડ હવે !

અંતે કૃપા રામકૃષ્ણદેવે કરી,
મંદિરમાં રહી સાધનાની તક ત્યાં મળી
રામકૃષ્ણના ખંડની સામે બેસીને,
આસું સાથે ભજનોને લખતા હવે
આશ્ચર્ય થતું સૌને પૂજારી સાથ જો,
રોક્યો ના રોકાતો પ્રેમ પ્રવાહ તો
પુલિનબાબુને ત્યાં ભોજન કાજે જતા,
સાંજે મંદિર કેરો પ્રસાદ પામતા
પંચવટીમાં આખી રાત વીતાવતા,
રામકૃષ્ણને અંતરથી પોકારતા
અંતરના અનુરાગે ભજનો લખો તમે,
ત્યાં તો કુમારી રૂપે 'મા' પ્રગટે હવે
શ્વેત વસ્ત્ર ને સુંદર મુખ મંડળ હતું,
ભજન સાંભળી તેનું દિલ રડતું હતું
પાસે છતાં પુલિનબાબુને ના દીસે,
ફક્ત અદ્‌ભૂત રૂપે તમે નિરખો ખરે !
અન્ન છોડીને પંચવટીમાં તપો તમે,
ત્યાં તો સાચે મા કાલી કૃપા કરે
બંગાળી વેશે તે સુંદર સ્ત્રી બની,
પ્રણામ કરીને બેઠા 'મા' કાલી અહીં !
સુમધુર વાતો રસવંતી કરીને હવે,
રસગુલ્લાનો પ્રસાદ પ્રેમે તે ધરે
વિદાય લઈને પ્રણામ કરી પાછા વળે,
તમે ગયા પાછળ પણ કોઈ ના મળે
અદ્રશ્ય થયા ત્યારે સમજાયું હવે,
કૌતુક દીસે છે અનુભવમાં તો ત્યાં ખરે
રામકૃષ્ણના ભક્તો વળી સંન્યાસીને,
મળ્યા તમે ત્યાં સૌને સત્સંગની રીતે
પ્રભુ પ્રેમમાં મસ્ત બનેલા મહાત્મા,
પંચવટીમાં તેના પણ દર્શન થયા
દેવપ્રયાગે જવું હવે મનમાં થયું,
સોંપ્યુ કાર્ય પુલિનબાબુને ખર્ચનું

રંક હતા તે સહાય શી રીતે કરે ?
પરંતુ પ્રભુકૃપાએ મારગ ત્યાં મળે
પુલિનબાબુની દેવી સમી સ્ત્રી તો કહે,
સંત સેવા કાજે ઘરેણાં વેચીએ
અચાનક મળી સહાય બીજી રીતથી,
કૃપા પ્રભુએ પ્રેમે વરસાવી ખરી
બંગાળી તે સેવાભાવી દંપતિ,
વિદાય આપે છે તમને ભાવે ભરી
ફરી પધારો દેવપ્રયાગના સ્થાનમાં,
પ્રાર્થના સાધનામાં દિવસો વિતાવતા
એક દિવસ ત્યાં તો સમજાયું છે હવે,
કુમારી રૂપે પ્રસાદ ધરનારા જ તે
'મા' કાલી જગદંબાના સ્વરૂપમાં,
દર્શન દક્ષિણેશ્વરમાં દીધા હતા
આનંદમયી માતાના દર્શન પણ થશે,
આલ્મોડા જઈ આવો એવું માનીને
તે દિવસોમાં કુટિયા પર એક ઓરડી,
બાંધી રહ્યા છે ચક્રધર જોષી વળી
તેથી દેવપ્રયાગ ગામમાં તો હવે,
દોઢ માસ રહી સાધના ત્યાં કરતા તમે
ઓગણીસો છેતાલીસ, એપ્રિલ માસમાં,
અદ્‌ભૂત દિવ્ય અનુભવને પામો છો ત્યાં
સાધના કેવી નાનકડી વયમાં કરી,
કહાણી આ છે અદ્‌ભૂત ને સાચી વળી
ધ્યાનમાં એક અનુભવ પામો છો હવે,
મહાત્મા અવધૂતનું દર્શન ત્યાં મળે
અલૌકિક તે દીક્ષા આપી છે રહ્યા,
દિવ્ય સ્વરૂપે મહાપુરૂષ તે તો મળ્યા
અદ્રશ્ય થયા આનંદ ધરતા હવે,
સાધના ક્ષેત્રે પ્રેરણા વળી પામો તમે
ત્યાં તો પત્ર મળે છે ચંપકભાઈનો,
માંદગીમાં તમને ઝંખી પોકારતો
તમે પહોંચ્યા ધરમપુરના સ્થાનમાં,
અતિ આનંદિત ચંપકભાઈ ત્યાં થયા
પ્રાર્થના થકી ક્ષયરોગને મટાડતા,
ચંપકભાઈનું ઋણ એ રીતે વાળતા
માતા આનંદમયીના દર્શન ત્યાં થયા,
સાધનાની વાતો કરી ભજન સુણાવતા
મંગલમય આ જીવન યાત્રામાં તમે,
પરિવ્રાજક સમું જીવન વિતાવતા હવે
છતાં સાધના અખંડ રીતે ચાલતી,
પ્રભુ કૃપાનું નિત નવું ભાથુ બાંધતી
વિદ્યાર્થી વયથી ખાદી તમે પહેરતા,
ખાદી ટુકડો અહીં કમ્મરે વીંટતા
શરીર પર ખાદીની ચાદર ઓઢતા,
દાઢી, જટા, ચરણમાં ચંપલ શોભતા
સાધુવેશે સાદાઈ ને સ્વચ્છતા,
જીવનમાં આદર્શો અહીં ટકતા હતા
વેશ તમારો મંગલમય વળી લાગતો,
મુખમંડળ પર પ્રકાશ પૂરણ ભાસતો
સાધના કરતા બન્યા તમે સિદ્ધાત્મા,
માનવમાંથી બન્યા તમે મહાત્મા
વંદન કરીએ મહાન માનવ આપને,
શ્રદ્ધા, ભક્તિ, દર્શન દો અમને હવે
વણથંભી આ કલમ તમારી ચાલતી,
થાક કે આળસને ના તે કદી લાવતી
ઉત્સાહે, આનંદે તે વળી દોડતી,
નિશદિન મનને ગુરૂ સ્મરણમાં જોડતી
શક્તિ કલમની તુજને પણ નમીએ અમે,
સંદેશા સર્વેશ્વરીના પહોંચાડજે
તે તો ઝંખે દર્શન, સ્પર્શનને ખરે,
સહાયક બની સફળ બનાવ એ કાર્યને
શ્રી ચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક

તે યોગેશ્વર સદ્‌ગુરૂના ચરણે હવે,
ધરીએ પ્રેમે આઠમા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્‌ગ્રંથને,
નમીએ સદ્‌ગુરૂના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્‌ગુરૂનો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !

* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

## નવમો અધ્યાય

સ્વજન બની હવે સદ્‌ગુરૂ દેવ પધારતા,
સાચી સમજણ ધરીને જીવને વાળતા
પ્રભુપંથે મળશે ત્યાં પરમાનંદ જો,
શિક્ષા અમુલખ ધરીને ઉભા છે અહો !
પિતા સ્વરૂપે તે જ વળી પધારતા,
જીવન જંજાળેથી શીઘ્ર ઉગારતા
પરિચય પામવા આપને તો મથવું પડે,
આજ્ઞાપાલન મસ્તક મૂકી કરવું પડે
પિતા સ્વરૂપે સદ્‌ગુરૂ દેવ પ્રણામ હો,
આશિષ ધરજો અંતરથી આજે તમો
પ્રકાશ પંથના નવમા દીપકને તમે,
પ્રગટાવો શ્રદ્ધાનું તેલ ભરી હવે
ધરમપુરથી સીમલા થઈ ચાલ્યા તમે,
ચેલના મહાત્માની પાસે તો હવે
સ્ટેશન પર પાગલ વેશે કોઈ સિદ્ધ ત્યાં,
સાચો સંદેશ ધરી માર્ગ બતાવતા
સ્વતંત્ર સાધના નાદાનુસંધાનની,
દશ પ્રકારે નાદની વેણુ વાગતી
સર્વપ્રકારે શ્રવણ કરો તમે નાદને,
સહજ સમાધિ તણું સુખ પામો છો તમે
ઓગણીસો છેતાલીશ સત્તર જુન ને,
ધ્યાનદશામાં સવારનો એ પ્રહર ખરે
તેજસ્વી મુખમંડળ લાલ શરીરથી,
હનુમંત પ્રભુ દર્શન દૈવી ધરે અહીં
બીજુ દર્શન દેહાતીત દશાનું જો,
તમારું જ પોતાનું દિવ્ય થાય જો
શ્વેત વસ્ત્ર ને પદ્માસનનું રૂપ તે,
તેજોમય ને ગૌર શરીર વળી દિસે
શાસ્ત્રો તેને પ્રતિક દર્શન કહે વળી,
ને પ્રમાણભૂત દર્શન શાસ્ત્ર કહે અહીં
યોગી સાથે ધરમપૂરથી સીમલા,
હવે પધારો પર્વતના એ સ્થાનમાં
ભોજન બાદ કરો છો વાતો ત્યાં તમે,
તેજસ્વી એક સંત પધારે ત્યાં હવે
નામ તેમનું નેપાલી બાબા ખરે,
સાચા સિદ્ધ મહાપુરૂષ આવી મળે
ઘણાં વરસથી રહે તે સીમલામાં છતાં,
અલિપ્ત રહેતા જન સમુદાયે તે ખરા
ગુરૂ આદેશે મળવા આવ્યા આપને,
રોજ રોજ મળવા પધારે તે હવે
નેપાલી બાબાના ગુરૂજી જે હતા,
તમને દિવ્ય રૂપે તેના દર્શન થયા
અનુભૂતિની વાતો બીજી મળે અહીં,
આપની સાધનાનું ભાવિ કથતા જરી
વિજયી જીવન થશે તમારું તો હવે,
સાચા સંતો સિદ્ધો દર્શન આપશે
તમે હવે તો વસજો દેવપ્રયાગમાં,
પરમાનંદ મળશે તે જ તીર્થમાં
નેપાલીબાબાની વિદાય લઈ તમે,
દેવપ્રયાગે પુનઃ પધારો છો હવે

મૌનવ્રત ધારણ કરીને બેસો અહીં,
'મા' ના દર્શન કાજે નિશદિન તપો જરી
વળી એક ધન્ય દિને ગુજરાતમાં,
પધારો વળી ત્યાંથી યાત્રાએ જવા
સંત જ્ઞાનેશ્વર આલંદી તીર્થમાં,
આવી દર્શન કરો સમાધિ સ્થાનના
હિમાલય મહીં દૈવી દર્શન જે થયું,
તેનું તો કોઈ ચિન્હ અહીં તો ના મળ્યું
ત્યાં તો કોઈ દેવપુરૂષ આવી કહે,
દર્શનનું સ્થળ જોવાનું બાકી છે તે
અતિ આનંદ થયો એ દર્શનથી વળી,
મંદિરમાં ઉભા કીર્તન કરવા અહીં
ધૂન જગાવી જ્ઞાનેશ્વર ભગવાનની,
ત્યાં તો વૃધ્ધ સ્વરૂપે પ્રગટ્યા તે વળી
દેતા કીર્તનમાં જોડાયા તાલ તે,
અદ્રશ્ય થયા અચાનક તે તો ખરે !
તમારી દશા દેહાતીત હતી વળી,
જાગ્યા ત્યારે વાત બધી જાણી લીધી
બંધ આંખે દર્શન ના પામ્યા તમે,
બીજા દર્શને પુષ્પ પ્રસાદી ત્યાં મળે
દર્શન દીધા પ્રત્યક્ષ પ્રગટી હવે,
જ્ઞાનેશ્વર પ્રભુ યોગેશ્વર રૂપમાં રમે !
ફરી પધાર્યા શાંતાશ્રમના ધામમાં,
ધીરજ, ઉત્સાહે કરો ત્યાં સાધના
રામદાસ શ્રધ્ધાળુ, વિચિત્ર સાધુ ત્યાં,
સેવા કાજ રહે ત્યાં આપની સાથમાં
કરો યાત્રા બદરીનાથ તણી ફરી,
મહાત્મા કુલાનંદ સાથે વળી
કુલાનંદ કહે ગુરૂ પ્રેરણાથી કહું,
પૂર્વ જન્મ તમારો તો સાચે કહું
પૂર્વ જન્મમાં શ્રી રામકૃષ્ણ તમે,
સંતના મુખથી સુણી પ્રસન્ન થતા તમે

નરનારાયણ પ્રભુજી દર્શન આપતા,
ધ્યાનાવસ્થે દિવ્ય સ્વરૂપે પધારતા
અષ્ટસિદ્ધિ વળી નવનિધિનું દર્શન,
થયુ એ રીતે બદરીકૃપાનું વર્ષણ
એક મહિનો બદરીનાથમાં રહો તમે,
સાધનાનો ક્રમ તો નિયમે પાળો બધે
દેવપ્રયાગે ફરી પધારો છો હવે,
અદ્‌ભૂત દર્શન નારદજી ધરતા ખરે !
મધ્યરાત્રીએ આલિંગન ધરતા કહે,
'જીવન ઉજ્જવળ થશે તમારું તો હવે'
અનુભવ અડતાલીસના, ચોવીસ જૂનનો,
દિવ્ય દર્શન અનુભવ દેવર્ષિ તણો
પવિત્ર પળ ને પવિત્ર એ વળી સ્થાનમાં,
પવિત્ર મહાપુરૂષની હતી ત્યાં સાધના
જુલાઈમાં ફરી દશરથ પર્વત પર વળી,
રામેશ્વરની સાથે પધારો છો ફરી
મૌનવ્રત લઈ ફરી કરો છો સાધના,
સંતો દર્શન દેતા અહીં પણ ધ્યાનમાં
ફરી પધારો દેવપ્રયાગના આશ્રમે,
સુવર્ણ સિદ્ધિ સાધના કેરી મળે હવે
અમર રાત ચોવીસ ઓકટોબરની જ જો,
અનશન વ્રતનો આરંભ હવે થાય જો
સતત પ્રાર્થના એક આસને કરો તમે,
ચિંતા આંસુના અભિષેક ધરો હવે
પાણી પણ છોડ્યું પ્રભુ પ્રેમે તો તમે,
વંદનીય છે પ્રભુના સાચા ભાવને
એક દિવસ ત્યાં તો દૈવી વાણી હવે,
'મા' ભગવતીથી પામો છો ત્યાં તો તમે
કહે તે વળી 'આજે પાણી લો તમે,
આવુ છું ધીરજને ધરજો ખરે !'
પરંતુ આ અનુભવ તો દૈવી વાણીનો,
સાક્ષાત દર્શનનો લ્હાવો ક્યાં છે ખરો ?

વાણી સાંભળી તો પણ તપનો અંત ના,
'મા' જગદંબા વળી વધુ તલસાવતા
ત્યાં તો જાગૃતિમાં દર્શન ધરતા હવે,
ચૌદ નવેમ્બરની મધરાતે તે ખરે !
દૈવી સ્વરે 'મા' ભગવતી તો વાતો કરે,
સંકલ્પ માત્રથી સિદ્ધિ સાંપડે
આપને પહેરાવે છે પુષ્પની માળ તે,
દૈવી દર્શન આપે વારંવાર એ
અતિ આનંદે આંસુ વહે છે આંખમાં,
જાણે સાધના સફળ થઈ આ સ્થાનમાં
વેદના, ચિંતા, વ્યથાનો આવ્યો અંત જો,
ઉપવાસોનો થોડો આવ્યો વિરામ જો
પરંતુ ઈપ્સિત વરદાનની ઈચ્છા હતી,
તેથી સાધનાને માની અધૂરી ખરી
મૌનવ્રત લઈ પધારો ઋષિકેશમાં,
ત્યાં પણ ચાલુ રહી એ કઠિન સાધના
અંતે પ્રાર્થના ત્યાં વળી સંભળાય જો,
'મા' ભગવતી ફરી દર્શન આપે છે અહો !
ગુલાબી સાડી, સુંદર સુમધુર રૂપ જો,
શાંતિપ્રદાયક, તેજોમય તે સ્વરૂપ તો
દર્શન વારંવાર તે વાતો થાય ત્યાં,
પરસ્પર કરે દર્શન એકમેક જ્યાં
જગદંબાની દૈવી કૃપા પામો તમે,
ધન્ય સાધના વળી બનો ધન્ય હવે
પૂર્ણ કૃપાની પ્રાપ્તિ કાજે હજી તપો,
સતત દૈવી દર્શન માટે તો જપો
સાધના તમારી સંદેશા આપતી,
ધીરજ ને ઉત્સાહ વળી દર્શાવતી
શાંતિ રાખી મથામણ કરવી ઘટે,
તો જ ધ્યેય પ્રાપ્તિ ને સિદ્ધિ સાંપડે
દેશપ્રેમ તો રગરગમાં રમે છે જો,
ભારત કાજે પ્રાર્થનાઓ તો ઘણી કરો

ગાંધીજીનું દેહાવસાન થાય ત્યાં,
આંસુ સાથે આઘાત ઝીલો છો ત્યાં
વઢવાણ થઈ સરોડા જઈ હિમાલયે,
માતાજીની સાથે હવે આવો તમે
થોડું રાખી વિદાય આપો માતને,
પરંતુ ત્રીજા દિવસે ત્યાં પહોંચો તમે
સરોડા પહોંચી સાધના કઠિન બનાવતા,
પ્રાર્થના સાથે વ્રત ઉપવાસ શરૂ થયા
આડત્રીસ દિવસોના ઉપવાસો થયા,
અંતરમાં દૈવી આદેશ થતા રહ્યા
'વ્રત ચાલુ રાખો તમે હજી વાર છે,
રહો અહીં અમંગલ ઘટના આવશે.'
અંતરના આદેશ તે સાચો ગણી,
શ્રદ્ધા ધીરજથી તમે પાળો જરી
ઘડીઓ અમંગલ ત્યાં તો આવી રહી,
સાંકુબાના મૃત્યુની ઘટના બની
પિતાજીના તે માત હતાં, પણ અંધ જો,
દર્શન આપના સ્વપ્ને તે કરતા અહો !
પધારો તમે જ્યારે સરોડા ગામમાં,
બે દિવસ પહેલાં તે તો જાણી જતા
સ્વપ્ને દર્શન ને આદેશ તે પામતા,
પવિત્ર હૈયુ હતું તો ભાવિ જાણતાં
મૃત્યુ પ્રસંગે વિરોધ સબંધી કરે,
અંતિમ સંસ્કારે સહકાર નહીં ધરે
તો પણ પૂરો થયો પ્રસંગ એ મૃત્યુનો,
જીવનમાં કડવો અનુભવ દેતો ગયો
સાંકુબાની સેવા કાજે તો વળી,
મા જ્યોતિર્મયીને વસવું પડતું અહીં
હવે તૂટ્યા એ બંધન સેવાના ખરે,
આપની સાથે રહેવા ઉઘડ્યા ભાગ્ય એ
હવે આપ તો માતાજીની સાથમાં,
વિચરણ કરી રહ્યા છો પાવન દેશમાં

વંદન વારંવાર હજો શ્રી ચરણમાં,
દર્શન અડસઠ તીરથના ત્યાં તો થતાં
શ્રી ચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્ગુરૂના ચરણે હવે,
ધરીએ પ્રેમે નવમા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્ગ્રંથને,
નમીએ સદ્ગુરૂના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્ગુરૂનો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !

* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

# દશમો અધ્યાય

માતૃભક્ત છો સાચા હે પ્રભુ ! આપ તો,
દુનિયા તેથી ચરણોમાં ઝૂકે છે જો
સંતો ભલે પ્રસિદ્ધ બને સંસારમાં,
સંતની જનનીને પિછાને કોઈ ના
મહાપુરૂષ કોઈ માતની સાથ તપ્યા નહીં,
વિરલ તમારા સરખા પૃથ્વી પર અહીં
ધન્ય માતને ધન્ય સુત વળી આપને,
ધન્ય જન્મભૂમિ, ધન્ય ગુજરાતને
કઠોર સાધનાનો વળી જયકાર હો !
જગદંબાની શક્તિનો જયકાર હો !
પધારો હવે ફરી લીલામૃતે તમે,
દિવ્ય શક્તિથી લખો હવે ગાથા તમે
ઓગણીસો અડતાલીસથી બંધન તૂટે,
હવે માતનો સાથ સ્વપ્ને ના તૂટે
જ્યાં પધારો ત્યાં ત્યાં ફરે સાથે હવે,
મા જ્યોતિર્મયી એ રીતે શાંતિ લહે
સરોડા જઈને સાબરમતી આવો હવે,
રામેશ્વરની પાવન યાત્રા કરો તમે
સંન્યાસીને શાંતિ આપો ત્યાં તમે,
કન્યાકુમારી મંદિર મીનાક્ષીના હવે
દર્શન કરતા વિચરો છો યાત્રા મહીં,
તો પણ ધ્યેય ભૂલાયું સ્વપ્ને ત્યાં નહીં
મંદિરમાં પણ પ્રભુ પાસે માગો તમે,
સાધના સફળ બને અંતરથી તે હવે
શાંતાશ્રમમાં માતા સાથે વસો તમે,
જાદુગરી સાધુ ત્યાં તો આવી ચઢે
કહે વિઘ્ન છે રૂપિયો આપતા જાય જો,
પરંતુ ફક્ત બે આના તે પામતો
ત્યાર પછી જીવનમાં તો સાચે મળી,
અતિ ભયંકર માંદગી સાતમા દિનથી
તાવ, અશક્તિ અને વળી મળત્યાગની,
વિવિધ વ્યથા ઘેરી વળી તમને અહીં
શક્તિ, સ્મૃતિ નષ્ટ થવા માંડી અને,
અંતિમ પળો જાણે ત્યાં તો આવી ખરે
હિંમત ધરો છતાં માતાજી મૂંઝાય છે,
શું કરવું હવે ચિંતા મનમાં થાય છે
દંડીમાં ઉંચકાવીને માતાજી ત્યાં,
લઈ ગયા શ્રી મગનલાલ ભટ્ટ વસે જ્યાં
સારવાર પણ કામ કરે ના ત્યાં છતાં,
સાધના પૂર્ણ થશે ક્યારે ? વિચારતા
મગનલાલ ને રામેશ્વરે ઘણી કરી,
સેવા માતાજી સાથે અદ્ભૂત હતી
પચાસ દિવસે મગનું પાણી લઈ તમે,
પુર્નજન્મ જાણે પામ્યા સાચે હવે
શરીર બગડ્યું છતાં પ્રાર્થના ના ઘટી,
ત્યાં તો રમણ મહર્ષિ દર્શનને ધરી

કહે સમાધિ લઈશ હું તો છ માસ પછી,
મહાપુરૂષની એ અનુભૂતિ અદ્‌ભૂત હતી
લાકડીના ટેકે આવ્યા કુટિયા મહીં,
અતિશય ઠંડી વચ્ચે પણ વસતા ફરી
પ્રભુ ઈચ્છાથી પંદર નવેમ્બરે તમે,
પ્રણામ કરીને વિદાય લો છો હવે ખરે
સરોડા આવીને પણ સાધના ત્યાં કરો,
નિયમ કદી ના તોડ્યો વિચરણમાં ખરો
શ્રી વિઠ્ઠલ પંડ્યાના આમંત્રણે હવે,
કાબોદ્રા ગામે પધારો છો તમે
શ્રી વિઠ્ઠલભાઈ માતાપિતા સાથે મળી,
પ્રેમે સેવા કરતા ભાવ ધરી અહીં
કાબોદ્રાના પ્રાચીન મંદિરમાં હવે,
શ્રી હનુમાનજીના દર્શન કરતા તમે
સરોડામાં તે હનુમાનજી દર્શન ધરે,
કહે, ‘સાધના પૂર્ણ થશે હવે ખરે’
સાધના કાર્યે બીજી સૂચના તે ધરે,
સૂણી સૂચના અતિશય આનંદ થાય છે
પૂર્ણકૃપાના દિવસો એ રીતે મળે,
છતાં પડે ખોટા પણ ધીરજ ના ઘટે
સરોડામાં શ્રી શના ભટ્ટ પ્રેમી વસે,
સાચા સમજુ સેવાભાવી તે ખરે
સાકુબાની અંતિમ ક્રિયામાં ખરે,
મદદ કરી હતી તે સેવાભાવી જને
માંદા છે તે જાણી તમે મળવા ગયા,
પ્રણામ કરીને આનંદિત થયા ઘણા
પછી તો તમે સાબરમતી પધારતા,
ધ્યાનાવસ્થે શના ભટ્ટ ત્યાં આવતા
કહે તે વળી, ‘દર્શનની ઈચ્છા હતી,
મૃત્યુ પહેલાં મારી તે પૂરી થઈ’
અને તે જ દિવસોમાં ઘટના એ બની,
શના ભટ્ટે સાચે જ વિદાય લીધી હતી !

રમણ મહર્ષિએ પણ સંકેલી લીલા,
મૃત્યુના બે સંકેતો સાચા પડ્યા
આલંદીના દર્શન પાછા ત્યાં કરો,
સ્વપ્ને સુચન મળ્યું કે મંદિરમાં રહો
તેથી રાતે પ્રાર્થનાઓ ચાલુ કરી,
જ્ઞાનેશ્વરજી દર્શનને ધરતા ફરી
પુષ્પ ધરીને કહે, ‘કાર્ય હવે થશે’
વળી રિદ્ધિ સિદ્ધિ પણ દર્શનને ધરે
બન્ને દર્શનથી આનંદ થયો છતાં,
પૂર્ણ કૃપા માટે અંતર તલસે અહીં
કુંભમેળામાં થઈને પધારો છો તમે,
ઋષિકેશ થઈ દેવપ્રયાગે તો હવે
ચંદ્રવદની દેવીની યાત્રા કરી,
શાંતાશ્રમમાં સાધનામાં રત ત્યાં વળી
કાચી કુટિયામાં આનંદે રહો તમે,
માતાજી પણ સાથે હિંમતથી રહે
સાપ, વીંછી પણ દિવસ રાત ફરતા રમે,
મુસીબતો એ માતાજી હસતા સહે
ચોમાસામાં પહાડથી કુટિયા તણું,
રક્ષણ કીધું ‘મા’ જગદંબાએ ખરું
પ્રભુ પર જીવન છોડ્યું જેણે પ્રેમથી,
પ્રભુ પણ તેને સંભાળે છે નેહથી
માતાજીની માંદગી ત્યાં તો આવતી,
મટી ગઈ તે માની કૃપા થકી વળી
થોડા દિવસે કરો છો યાત્રા ત્યાં ફરી,
અમરનાથના પ્રસિદ્ધ તીર્થ ધામની
ઓગણીસો એકાવનમાં યાત્રા કરી,
પ્રભુકૃપાના બે અનુભવ મળતા અહીં
દૂધ અને ભોજનની સગવડ ત્યાં થઈ,
દૈવી ને ઓચિંતી પ્રભુએ તે કરી
દક્ષિણેશ્વરની યાત્રાને ફરી કરો,
પુલિનબાબુની દેવી સ્ત્રીને ફરી મળો

જગન્નાથ ને ભુવનેશ્વરની પણ,
તમે યાત્રા કરો છો માતાજી સાથે હવે
નવરાત્રી વ્રત ક્યાં રહી કરવું હવે ?
ચિંતા થતી હતી અંતરમાં તો ખરે
ત્યાં તો શારદાદેવી પ્રગટીને કહે,
'દેવપ્રયાગ જઈને તે કરજો તમે'
'પરંતુ કુટિયા પર રહેવાનું નથી હવે,
શેઠના મકાનમાં રહી વ્રત કરજો તમે'
આદેશ મુજબ આવ્યા દેવપ્રયાગમાં,
નવરાત્રીના વ્રત કરવા કાજે અહા !
કુટિયાને બદલે રહેવું તો ત્યાં પડે,
શેઠના નિવાસમાં શબ્દો સાચા ઠરે
પાણી પર રહી નવરાત્રી વ્રત ચાલતું,
નિશદિન મનડું 'મા'ની કૃપાને યાચતું
તે દિવસોની પ્રાર્થના પણ નોંધી હતી,
અંતરના પોકારોની સાક્ષી બની
પુત્રભાવ નહીં સંત છો એ રીતે અહીં,
માતાજી પણ સેવા કરતા આપની
વિજયાદશમીએ ઉપવાસ છૂટે જરી,
પૂરો સંતોષ અંતરમાં તો નથી
તેથી આસો માસ પ્રાર્થના તો કરી,
પૂર્ણકૃપા માટે તલસીને તો ફરી
પછી ચંપકભાઈ લાવે આપને,
નાશિકના એ પવિત્ર ધામે તો હવે
નિર્જળા વ્રત ને વળી પાણી ઉપર તપો,
અખંડ પ્રાર્થના સાથે પ્રભુ કાજે મથો
કેવી પ્રાર્થના અંતરથી કરતા તમે,
નોંધ ઉપરથી તે તો સમજાયે ખરે
પાણીના વ્રત લાંબા ચાલ્યા ત્યાં ખરે,
શરીર પણ નબળું બન્યું છે ત્યાં અરે
છતાં પધારો શિરડીના ક્ષેત્રે વળી,
સાંઈનાથ મંદિરે દર્શન કરો અહીં

દર્શન વંદન કરી વિદાય લીધી તમે,
સૌ સાથે આવો છો મુંબઈમાં હવે
મુંબઈથી હવે ફરી પધારો વડોદરા,
અન્નદાતાના દર્શન કરવા ત્યાં ગયા
પૂજા કરાવી સ્વાગત કીધું આપનું,
વૃદ્ધ અનુભવી સંતે નમ્રતા ભર્યું
સરોડા થઈને સાબરમતી આવો તમે,
ત્યાંથી નર્મદાજીની યાત્રા કરો હવે
ગંગનાથ, શુકદેવ ને અનસૂયા વળી,
વ્યાસ બેટના દર્શન ત્યાં કરતા ફરી
સિસોદ્રાના આશ્રમને જોયો જરી,
નર્મદાજીની યાત્રા પૂર્ણ થઈ ખરી
પાવન માતા નર્મદા તને વંદના,
શ્રી ચરણો વિચર્યા જ્યાં દૈવી સંતના
યાત્રાઓ કરતા માતાજી સાથ જો,
સંત સમાગમ સાથે સાધના થાય જો
ભારત વર્ષની યાત્રા એ રીતે કરી,
માતાજીને અંતરથી શાંતિ ધરી
વંદન કરીએ માતૃભક્ત વળી આપને,
માતાજી સાથે ફરીને તપતા તમે
વરસો સુધી મથામણ તો ચાલુ રહી,
ઉપવાસોનો ઈતિહાસ રચતા અહીં
સાધના કેવી ચાલી રહી છે તે હવે,
લીલામૃતમાં આગળ જોવા તે મળે
પૂર્ણ કૃપા પણ અંતે મળશે આપને,
પ્રભુ માટે તપ નકામું ક્યારે ના ઠરે !
શ્રી ચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્‌ગુરૂના ચરણે હવે,
ધરીએ પ્રેમે દશમા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્‌ગ્રંથને,
નમીએ સદ્‌ગુરૂના આ અક્ષરદેહને !

યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્‌ગુરૂનો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !
* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

# અગિયારમો અધ્યાય

દેવપ્રયાગના દેવપુરૂષ નમીએ અમે !
શાંતાશ્રમના સિદ્ધ પુરૂષને નમીએ અમે !
પ્રકાશપંથના પૂર્ણપુરૂષને પ્રણામ હો !
હિમગિરિ યોગી યોગેશ્વરને પ્રણામ હો !
આતમના અજવાળા ધરવા આવજો,
લીલામૃતથી ભક્તિભાવ જગાડજો
એકાદશ અધ્યાયની અવનવી વાતને,
લખો હવે તો લખનારા સાચા તમે
નર્મદા યાત્રા પૂર્ણ કરીને પધારતા,
સોમનાથ મંદિર ને પ્રાચીન તીર્થમાં
સાબરમતી રહીને આગ્રા થઈ તમે,
આલ્મોડામાં પહોંચો છો સાચે હવે
ઉપયોગી ના લાગ્યું તે સ્થળ તો ખરે,
ઋષિકેશમાં ફરી પધારો છો તમે
દસ વરસ પછી વસવાની ઈચ્છા અહીં,
ભરત મંદિરે નિવાસની સગવડ મળી
ઋષિકેશ તો સિદ્ધ-ભૂમિ સાચી ખરે,
ઝંખે તેને સિદ્ધો દર્શન દે ખરે
વીરભદ્ર જેવા પ્રસિદ્ધ ધામમાં,
વસી સિદ્ધપુરૂષો સહાયક ત્યાં થતા
નવરાત્રી પહેલા પધારો છો તમે,
મહુવા બંદરે પ્રભુની ઈચ્છાથી ખરે
પહોંચી ત્રીજા દિવસે પાણી પર તમે,
નવરાત્રી વ્રતનો આરંભ કર્યો ખરે
મૌનવ્રત હતું છતાં લાભ સત્સંગનો,
ભજન કીર્તને ભક્તોએ માણ્યો ખરો
પૂર્ણકૃપા માટે મથો છો ત્યાં તમે,
અંતરના ભાવોનું લેખન કરો હવે
સોના-ચાંદી વેપારે મારગ ધરો
કહી શ્રીમંત સ્વાર્થે આવે ત્યાં ખરો !
પરંતુ તમે કહો કે, 'મારું કામ ના,
અમે કરીએ પ્રભુ નામ વેપાર હા'
દૈવી આવેશ ધરનારી બેન ત્યાં,
આવે મળવા પંથ બતાવો સત્ય ત્યાં
જગન્નાથમાં પણ ખોટા આવેશને,
ધરનારી બેનનો સંગ થાય છે
નાશિકમાં પણ ઢોંગી બ્રાહ્મણ મળે ખરે,
હનુમાનજીનો આવેશ ખરે તે ધરે
પરંતુ સત્ય પ્રકાશિત ત્યાં તો કર્યું તમે,
શાંત પડી તે શરમાયો છે ત્યાં હવે
નવરાત્રીના ઉપવાસે અનુભવ થયો,
સિદ્ધ પુરૂષ ને દેવર્ષિ દર્શન તણો
કહે, 'ચૌદમી ડીસેમ્બરે કાર્ય થશે,
'મા' જગદંબાનું દર્શન ત્યાં તો થશે'
અનુભવોથી આશા જાગી છે હવે,
તેથી પ્રાર્થના પણ વધવા લાગી ખરે
આખરે એ દિને પણ અનુભૂતિ ના મળી,
છતાં અડગ શ્રદ્ધા હૈયે રમતી ખરી
મહુવાથી ઋષિકેશ પધારો છો તમે,
ભરત મંદિરે પાછા આવો છો હવે
મસૂરી રાજપૂરમાં ફરવાને ગયા,
રાજાના નિવાસે પણ ના ગમે અહા !
ભરત મંદિર સર્વ પ્રકારે શાંત છે,
નિવાસ કરતાં ઋષિકેશમાં તો તમે

શ્રાવણ માસે એક ટંક ભોજન કરી,
સાધના છતાં ધરી તે તો ના ફળી
જીવન યાત્રામાં આવી નવરાત્રી ત્યાં,
ફરી પાણી પર તપતા ગંગા-તીર જ્યાં
તે દિવસોમાં પ્રાર્થના પ્રબળ બની ખરી,
પ્રકાશપંથમાં નોંધો તેની છે લખી
ઉપવાસો પૂર્ણ કરો પણ ના સાધના,
સતત પ્રાર્થનાની ત્યાં તો આરાધના
ચુંમાલીસ દિવસ વ્રતજપ ને ત્યાં થયા !
બાર દિવસ પાણી ને દૂધ ઉપર ખરા !
વ્રત ઉપવાસે પ્રાર્થના છતાં ના ફળે,
તો પણ નિરાશા કદી સ્વપ્ને ના નડે
સાધના ક્ષેત્રે સત્યશોધક બની તમે,
ધીરજ ધારી પ્રભુપંથે વિચરો ખરે
પરમાનંદની પ્રાપ્તિ કાજે તો તપો,
પ્રભુની પ્રેરણા પામીને એ બધું કરો
હઠયોગની હઠ નથી આ તો વળી,
શરણાગતની સાચી ભક્તિ છે અહીં
વ્રત ઉપવાસે માતાજીને ધન્ય છે,
સમજભર્યો સહયોગ તે ધરતા રહે
ઋણાનુબંધે આપની સાથે તે રહે,
જાણે ‘મા’ ભગવતી રૂપે સાથે વસે
યુવાનીમાં માતાજીએ સંકટ સહ્યા,
સંતની સંગે દુઃખના દિવસો તો ટળ્યા
આઠે પ્રહર આનંદ છે માતાજીને,
સાધના અનુભવના સાક્ષી બનતા રહે
પ્રકાશપંથે અંજલિ માતાને ધરી,
ફરજ તમે તો બજાવી પુત્ર તણી બધી
માતાજીનું જીવન ધન્ય બન્યું હવે,
તપસ્વી માતા હવે બને છે ધન્ય જે
નવરાત્રીમાં મહાપુરૂષ પ્રગટે અહીં,
શિરડી સાંઈબાબા સમર્થ તે વળી
અચાનક થઈ કૃપાદૃષ્ટિ ત્યાં તો હવે,
સાંઈનાથ પ્રભુ દર્શન દેતા રહે
તંદ્રાવસ્થા ને સમાધિમાં હવે,
સાંઈનાથ પ્રગટીને વાતો તો કરે !
પૂર્ણકૃપા થાયે માટે તમને હવે,
જયમાળા પહેરાવે અનુભવે ખરે !
ઉપવાસો સાથે પ્રાર્થના ફરી કરો,
કૃપા સાંઈની પામવાને કાજે મથો
ત્યાં તો તસ્વીરે પ્રગટે સાંઈ જો,
અવર્ણનીય મધુર સ્વરે બોલે છે જો
‘ચિંતા ના કરો ઈચ્છા પૂરી બધી થશે,
બદરીનાથના ધામે તે પૂરી થશે’
શિરડી સાંઈના દિવ્ય અનુભવથી હવે,
શાંતિ મળી રહી છે થોડી તો ખરે
ઋષિકેશથી મુંબઈ જઈ શિરડી તમે,
સાંઈનાથ મંદિરે દર્શન કરો હવે
ફરી પધારો જન્મભૂમિમાં તો તમે,
વસો તમે અઢી માસ સુધી ત્યાં તો હવે
વાવ સરોડામાં પીવા પાણી તણી,
પરંતુ સ્વચ્છતા ના પૂરી ત્યાં હતી
તેથી વાળાની પીડા થઈ છે હવે,
તારાબેનને અતિશય વેદના થાય છે
સાબરમતી લાવીને ઉપચારો કર્યા,
તારાબેન પરંતુ પથારીવશ થયા
હિમાલય જવાની વેળા આવી હવે,
બેનની સ્થિતિ દર્દે ભરેલી છે ખરે
જ્યોતિર્મયી માતાને બે સંતાન છે,
આપ પ્રભુ ને નાની તારાબેન છે
શરીર સંબંધે એ નાની બેનની,
ફરજ બજાવો છો આદર્શ રીતથી
વિચાર્યું માતાજી સેવા કરવા રહે,
પરંતુ હિમાલયે મારે તો જવું ઘટે

પ્રસ્થાનનો દિન પણ નક્કી થઈ ગયો,
પરંતુ કૃપા તણો ચમકારો ત્યાં મળ્યો
ઓગણીસો ચોપનની, ચૌદ મે હતી,
વૈશાખી પૂનમની ચાંદની રેલતી
પ્રાર્થના પછી ધ્યાનમાં બેઠા છો તમે,
ત્યાં તો સાંઈનાથ પધારે છે ખરે !
શિરડી સાંઈનાથ પ્રવેશે આપમાં,
સુમધુર શબ્દે સંભળાવે સંદેશ ત્યાં
'સાંઈનાથ હું છું ને તમે મહાન છો,
પૂર્વજન્મ પણ જાણું છું હું આપનો'
આદેશ ધરે હવે નવો ત્યાં તે ખરે,
'માતાજી ભલે જાય હિમાલયમાં હવે,
બેન ને બાળકોને સંભાળીશ હવે,
એ પણ મારા બાળક છે સાચું કહું'
અનુભૂતિ આપીને અદ્રશ્ય થયા,
ત્યારે ધ્યાન મહીંથી તમે જાગ્યા ખરા
સવારે ઉઠી વાત કરી માતાજીને,
આનંદ થયો એ નિર્ણયથી તેમને
પ્રભુ ઈચ્છાથી જીવન ચાલે આપનું,
અનુભવથી માને છે સઘળું આપનું
સંત તરીકે શ્રદ્ધા આપની વાણીમાં,
તેથી માતાજી એ વાત વધાવતા
તારાબેનને પહોંચાડો પતિના ગૃહે,
ચાલી ના શકે તેથી ઉંચકીને હવે
દશા શરીરની દયાજનક કહેવાય તે,
દવા નહીં પણ દુવા કામ કરશે હવે
સમર્થ સાંઈએ બાળકને ત્યાં વળી,
માંદગીમાંથી મહિને ઉભા કરે અહીં
તારાબેનને નવજીવન ધરતા હવે,
સમર્થ સાંઈ શબ્દોને સાચા કરે
વંદન શિરડી સાંઈનાથ પ્રભુ ખરે !
અમને પણ બાળ ગણી સંભાળો હવે

શિરડી તીર્થના તીર્થ પુરૂષ પ્રભુ આપ છો,
સમર્થ સાંઈનાથ પ્રભુ સાક્ષાત્ છો
હિમાલય જઈ બદરીયાત્રા કરો તમે,
દસ દિવસે પગપાળા પહોંચો છો ખરે
મંદિરમાં સિંહદ્વારની ઓરડીમાં તમે,
માતાજી સાથે રહો આનંદ એ
અહીં પણ પ્રભુની ઈચ્છા માની રહો તમે,
સાધના સિદ્ધ થવાની વાટ જુઓ હવે
પાંચમ આવી સિદ્ધિના તે દિનની,
સાંઈનાથ દર્શન દઈને કહે અહીં
'આજે પાંચમ નથી તે કાલે છે ખરી'
જાણી પ્રાર્થના કીધી રાતે તો ઘણી
પરંતુ પાંચમનો દિન પણ મિથ્યા થયો,
દર્શન કાજે જંગ ખરેખર જામતો
પગપાળા બદરીની યાત્રામાં તમે,
પ્રભુકૃપાના દૃશ્યોને જોયા ખરે !
અજાણ વૃધ્ધા માને કેવી બચાવે છે,
ઈશ્વરની તે દૈવી શક્તિ છે ખરે
મહાપુરૂષ શ્રી રામદાસ ત્યાં તો મળે,
અતિશય ઠંડીમાં પણ તે બદરી વસે
સત્તર દિવસ શ્રી બદરીનાથમાં રહો તમે,
પ્રભુ પ્રેરિત પધારો ઋષિકેશે હવે
નવરાત્રીના દિવસો તો આવી રહ્યા,
વ્રત કરવાની તમે તૈયારી બતાવતા
ત્યાં તો તારાબેનની સેવાકાજ જો,
માતાજીને જવું પડે ગુજરાત જો
આપના ઉપવાસોની ચિંતા માતને,
પરંતુ મારગ મળી ગયો પ્રભુ કૃપા જે તે !
દિવાળીમાં પાછા મળજો ગુજરાતમાં,
કહી માતને વિદાય આપો છો અહા !
એકાદશ અધ્યાયને અંતે વંદના,
રાખજો કાયમ કાજ હવે સત્સંગમાં

લીલામૃતનું દૈવી લેખન થતું રહ્યું,
શ્રદ્ધા-ભક્તિની ભેટો ધરતું રહ્યું
સર્વેશ્વરીને નિમિત્ત બનાવી લખાવતા,
અખંડ દિવ્ય શક્તિ ત્યાં દર્શાવતા
પ્રકાશ પંથની યાત્રા પણ પૂરી થશે,
હવે પછીના અધ્યાયોમાં તે હવે
શ્રી ચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્ગુરૂના ચરણે હવે,
ધરીએ પ્રેમે અગિયારમા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્ગ્રંથને,
નમીએ સદ્ગુરૂના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્ગુરૂનો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !

* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

## બારમો અધ્યાય

પગલે પગલે તીરથ સર્જન થાય જો,
શ્રી યોગેશ્વર સ્વયં તીર્થ બની જાય જો
સર્વ શક્તિ ધરી વિચરે છે પૃથ્વી પટે,
મહામાનવ રૂપ છૂપાવી તે ફરે
અડસઠ તીરથ આપના શ્રીચરણે વસે,
દર્શન કરતા સાધક વંદે છે હવે
તીર્થ શ્રેષ્ઠ યોગેશ્વરના ચરણે હવે,
પ્રણામ કરીએ પધારી હવે લખો તમે
યોગેશ્વર લીલામૃતના લખનાર છો,
દીપક બનીને પ્રકાશ પાથરનાર છો
પ્રેરક જીવન ધરીને પગલા પડાવતા,
સર્વેશ્વરીને નિમિત્ત કરીને લખાવતા
પાણી પર નવરાત્રી વ્રત ચાલુ થયું,
ઋષિકેશમાં મૌન પણ સાથે લીધું
ઉપવાસોની પ્રાર્થના તો અદ્ભૂત હતી,
પ્રાણના પોકારોને તે પ્રગટાવતી
પ્રકાશપંથે નોંધો તેની છે ઘણી,
સાધના પંથે પ્રેરક તે બનતી વળી
એકતાલીસ દિવસો એ રીતે તપો,
દહેરાદૂન થઈ કોલાગઢમાં તો વસો
એકાંતે વસી ત્યાં પણ પોકારો થયા,
જગદંબાના દ્વારે નિત નવા થયા
નિદ્રાજય હતો તેથી તો રાતે તમે,
જપતા તપતા અખંડ આનંદે હવે
'મા' ભગવતીની પ્રેરણા થતાં તમે હવે,
મહેસાણામાં પધારો ચાલુ વ્રતે તમે
શરીર નબળું બનવા લાગ્યું છે ખરે,
છતાં લગની છે તેથી મથતા રહો તમે
મહેસાણામાં શ્રી નારાયણભાઈ તો,
શ્રદ્ધા-ભક્તિથી સત્કાર કરે ખરે
ગૃહસ્થ ઋષિ બની નારાયણ સેવા કરે,
ઋષિપત્ની બની સરસ્વતી સાચે હવે
તેથી સુખકારક ને આનંદે ભર્યો,
મહેસાણાનો નિવાસ શાંતિથી સજ્યો
ઉપવાસોનો એ ક્રમ તો ચાલુ રહ્યો,
પ્રાર્થના કેરો અખંડ દોર નહીં તૂટ્યો
એકસો એક પાણીના વ્રત તો થયા !
છતાં કઠોર વ્રતનો પૂર્ણ અંત ના !
જીવનમાં એ પહેલી વાર થયા ખરા,
કઠોર લાંબા ને ભયંકર તે હતા
મહેસાણાથી મહુવા પહોંચ્યા આપ તો,
તે દિવસોમાં નિદ્રાજય પૂરો હતો

વળી સાંઈબાબા ને જગદંબા હવે,
દર્શન દેતા વારંવાર કૃપા કરે
સાક્ષાત્ દર્શનની વાતો અધૂરી હજી,
લાંબા ઉપવાસે પણ તે ના જરી ફળી
સાત વરસથી અખંડ મથનારા તમે,
સામાન્ય માનવ એ તો ના કરી શકે
ધીરજ, હિંમત, શ્રદ્ધાને તો ધન્ય છે,
પ્રાર્થના કેરી સાધનાને પણ ધન્ય છે
ઉપવાસે સ્થિરતા પણ આપની ધન્ય છે,
સાધનાની સમજણ પણ આપની ધન્ય છે
ઈશ્વર દર્શનના પ્રકારો પાંચ છે,
અનુભવે આપે તે સમજાવ્યા ખરે
કેવળ સિદ્ધ પુરૂષનું દર્શન થાય તે,
પ્રથમ પ્રકાર ગણાય છે તે દર્શને
દિવ્ય દર્શન સાથે વાતો થાય છે,
બીજો પ્રકાર ગણાય છે તે દર્શને
દિવ્ય દર્શન સાથે ઈચ્છા મુજબનો,
વાર્તાલાપ થાય તો તે ત્રીજો ખરે
દર્શન સ્પર્શન વરદાનો મળી જાય તે,
ચોથો પ્રકાર ગણાય છે તે દર્શને
ઈચ્છાનુસાર દર્શન સ્પર્શન જો મળે,
પાંચમો પ્રકાર ગણાય છે તે દર્શને
પાંચ પ્રકારે ઈશ્વર દર્શન થાય છે,
અનુભવે તે સાચું તો સમજાય છે
સાધના ક્રમને સમજાવ્યો છે અહીં વળી,
અનુભવી આપે માર્ગ બતાવ્યો છે મથી
મહેસાણામાં માતાજી મળતા હવે,
રહ્યા શાંતિથી છત્રીસ દિવસો ત્યાં તમે
મહેસાણાથી મહુવા જતા શિહોરમાં,
શ્રી હનુમાનજીદાસજીને મળો ખરે
જીવનયાત્રામાં સંતો સાચા મળ્યા,
જાણે તમારી રગરગમાં  તે તો ભળ્યા

હવે મહુવાથી સરોડા આવતા,
ઉતર્યો માર્ગે આડો માળો સાપ ત્યાં
અપશુકન ધરનારો તે તો મનાય છે,
ચોથી રાતે સરોડામાં સમજાય છે
મારામારીના આશયથી આવીને,
ગામના વિરોધીઓ હેરાન કરે ખરે
સરોડાથી સાબરમતી થઈ હિમાલયે,
પ્રભુ પ્રેરણાથી પધારો છો તમે
સોળ વરસની વયમાં સાક્ષાત્ બુદ્ધનું,
દર્શન પામ્યા હતા તમે તે દિનનું
ફરી ઋષિકેશે દર્શન દેતા ખરા,
ધ્યાનાવસ્થામાં બોધી વૃક્ષે અહા !
શ્વેત વસ્ત્ર ને નાની જટા વળી શોભતી,
સફેદ સર્પ ગળામાં વાત નવી હતી
શ્વેત સર્પ માયાના સ્વરૂપે શોભતો,
ભગવાન બુદ્ધના હૃદય પ્રદેશે તે ખરે
મંગલ દર્શન પામી આનંદ થાય છે,
લાંબા સમયે ફરી તે દર્શન થાય છે
'મા' ના દૈવી દર્શન વારંવાર ને,
વાર્તાલાપનો આનંદ મળતો હવે
છતાં વિશેષ સ્વરૂપે આપ તો માગતાં,
તેથી વિશેષ પ્રાર્થના પણ કરતા રહ્યા
જીવનમાં નાનકડા વર્તનમાં હવે,
જગદંબાની ઈચ્છા કામ કરે ખરે
પ્રેરણા મુજબ તમે હવે ચાલો ખરે,
જીવનમાં સઘળે ભગવતી ઈચ્છા રમે
'મા'ની પ્રેરણા મુજબ હવે ગુજરાતમાં,
ત્યાંથી વજ્રેશ્વરી તીર્થ પધારતા
સ્વામી નિત્યાનંદ બિરાજે ત્યાં ખરે,
દર્શન કીધા સિદ્ધ મહાપુરૂષ તે
દર્શન દઈને વિદાય લીધી ત્યાં તમે,
એક સવારે દૈવી દર્શન તે ધરે

વાતો થઈ આનંદે તેમની સાથ તો,
સાધનાની અલૌકિક સિદ્ધિ તે ગણો
ઓગણીસો સત્તાવનના તે વર્ષમાં,
ઋષિકેશમાં જલારામ પ્રભુ આવતા !
દૈવી સ્વરૂપે દર્શન દઈ વાતો કરે,
સંતો સિદ્ધો સામે આવી કૃપા ધરે
'મા'ની પૂર્ણ કૃપા માટે તપો હજી,
નવરાત્રીના દિવસોમાં મથતા ફરી
પાણી પર રહી ભરત મંદિરમાં તમે,
ઉપવાસોની વેદના વેઠો છો ખરે
પૂર્ણ કૃપાના દિવસો સૌ ખોટા પડે,
સોળ વાર એ રીતે સાચા ના પડે
પરંતુ આશા, ધીરજ છે હૈયે ઘણી,
તેથી તો વળી કસોટી થઈ પણ ત્યાં ઘણી
'મા'ની આજ્ઞા મુજબ થતા વ્રત તો અહીં,
માનવ ઈચ્છા ત્યાં તો ગૌણ બની જતી
'મા'ની ઈચ્છા મંગલ કરનારી જ છે,
શ્રદ્ધા પણ અંતરમાં અડગ થઈ વસે
ફરી પધારો મહેસાણામાં તમે હવે,
શ્રી નારાયણને સમાગમ ફરી મળે
શ્રી સરસ્વતી પ્રેમે સેવા કરે અહીં,
તેથી તો પોણા બે માસ રહ્યા અહીં
રાજકોટમાં ચંપકભાઈ પાસ જો,
નવા નિવાસે વસો ઉપર આનંદ જો
ત્યાં સત્સંગે ગાંડા દરજીની કથા,
પૂર્વજન્મની જાણી સૌ મુગ્ધ થતાં
માસ્ટર મહાશયની દૈવી શક્તિની,
વાતો પણ ત્યાં સાંભળવા મળતી હતી
બીલખા ને વીરપુરની યાત્રાઓ કરી,
નથ્થુરામને જલારામની ભૂમિની
શિરડી સાંઈના દર્શન કાજે તો તમે,
મહેસાણામાં  પ્રાર્થનાઓ કરતા ખરે

ત્યાં તો સમર્થ સાંઈ પ્રગટે છે જરી,
પ્રણામ કરીને બેઠા છે નીચે અહીં
સંકોચ થતો આપને પણ તે તો કહે,
'ગુરૂવાર છે આજે ગીત લખો તમે'
તમે કહ્યું કે 'લખીશ ગીત હવે ખરે,
પરંતુ દર્શનનો લ્હાવો દેજો હવે'
દર્શન દઈને અદ્રશ્ય તે તો થયા,
મહાપુરૂષને ચાલવાની જરૂર ના !
સિદ્ધ અલૌકિક સંતો એ રીતે ફરે,
સાધના કરનારા તેને તો અનુભવે
વળી સાંઈ તસ્વીરે દર્શન દઈ કહે,
'મહાત્માજી' નામ તમારું તો ધરે !
સંબોધે તે મધુર સ્વરે તમને વળી,
શિરડી સાંઈની દિવ્ય શક્તિ તે ખરી
વળી સાંઈબાબા દર્શન દઈને કહે,
'દાન કરો તો બેનનો તાવ મટે ખરે'
શિરડી દાન મોકલતા તમે હવે,
તાવ મટ્યો તે સાંઈનો ચમત્કાર છે
ઓગણીસો સત્તાવન, ઓગષ્ટે હવે,
છવ્વીસ તારીખ ને વળી સોમવાર છે
રાતે ધ્યાનમાં એક અનુભવ થાય છે,
ગાંધીજીનો પૂર્વ જન્મ જણાય છે !
'નરસૈંયો આ જન્મ ધરી મોહન થયો,
નરસૈંયો આ વેશ ધરી મોહન થયો'
સુમધુર સ્પષ્ટ શબ્દોમાં સંભળાયું ત્યાં,
ગીત મધુરું ને દર્શન ગાંધીનું ત્યાં
અસંખ્ય સિદ્ધપુરૂષો દર્શન આપતા,
કઠોર તપના તે પરિણામો લાવતા
પ્રભુપંથે તપનારા તો પામે ખરે,
પ્રભુ કૃપાના અમૃતફળને તે વરે !
દેવપ્રયાગમાં શાંતાશ્રમની દશા હતી,
નિવાસ કરવા યોગ્ય હવે તે ના ઠરી

સાધના કરી સાત વરસ ત્યાં તો તમે,
પ્રભુ ઈચ્છાથી વસો ૠષિકેશે હવે
દર્શન માટે કેવળ દેવપ્રયાગમાં,
બે દિન રહીને પાછા પ્રેમે પધારતા
ૠષિકેશ પણ શાંત પાવન તીર્થ છે,
એકાંતે ગંગાજી શાંતિથી વહે
શ્રી ચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્ગુરૂના ચરણે હવે,
ધરીએ પ્રેમે બારમા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્ગ્રંથને,
નમીએ સદ્ગુરૂના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્ગુરૂનો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !

* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

## તેરમો અધ્યાય

લીલામૃતે સખી બની ઊભા તમે,
સર્વ પ્રકારે સહાયક બનતા હવે
જીવન સફળ બનાવી બંધન કાપતા,
સંત સખી એ અમુલખ વસ્તુ આપતા
સખી સ્વરૂપે લખી રહી છે શક્તિ જે,
વંદન કરીએ દિવ્ય અલૌકિક શક્તિને
પધારો હવે પૂર્ણ લીલામૃતે તમે,
લખો કૃપા કરી લીલા કીધી જે હવે
ૠષિકેશમાં આવી હવે નવરાત્રિ એ,
વ્રત ઉપવાસની ઈચ્છા ત્યાં થઈ છે હવે
પરંતુ 'મા'ની પ્રેરણા ત્યાં મળતી હવે,
'વ્રત ઉપવાસની તમને જરૂર નથી હવે'
'ઉપવાસ વિના જણાયા કરે છે બધું,
આઠમનો ઉપવાસ ભલે કરવા કહું'
સાઈનાથ પણ દર્શન દઈને તે કહે,
'ઉપવાસો શા કાજે કરવા છે હવે?'
દિવ્ય અનુભવે સુમધુર વાણી જે મળે,
સંભળાયે સ્પષ્ટ સ્વરમાં તે તો ખરે
કપોળ કલ્પિત વાત નથી આ તો બધી,
અનુભવની એરણથી તે લખતા અહીં
સાધના પંથે સર્વશ્રેષ્ઠ સેવા ઠરી,
સાધના કરીને અનુભૂતીઓ તમે લખી
પ્રયાણ કરનારાને પગદંડી મળી,
લેખન સેવા સફળ બની એ રીતથી
સપ્ટેમ્બર ઓગણીસો સત્તાવન વળી,
ત્રીજી તારીખ ને મંગળવારે અહીં
જાગૃતિમાં નવરાત્રીની સૂચના મળી,
દર્શન પામીને દિવ્ય વાતો ત્યાં થતી
આઠ વરસ પછી નવરાત્રી તમે નહીં કરો,
'મા' જગદંબાની સૂચનાને તમે વરો
જીવન આખુ જગદંબા પર ચાલતું,
નિશદિન દિલડુ 'મા'ના ગીત ગાતું હતું
આસો સુદ પુનમે વિદાય લો હવે,
ૠષિકેશથી મુંબઈમાં આવો તમે
માતાજીને માંદગી ત્યાં આવે હવે,
વાલકેશ્વરના શાંત નિવાસે રહો તમે
આલંદીની ત્રીજી યાત્રા કરો તમે,
તુકારામના દેહૂ તીર્થે ફરો હવે
ૠષિકેશ પાછા આવો ત્યાંથી તમે,
ફરી સિદ્ધિનો દિન અહીં ખોટો ઠરે
હિંમત ધીરજ રાખીને મથતા તમે,
લાંબી વ્રત-જપની કથા ચાલે ખરે

કાચા-પોચા સાધક ડરીને ભાગતા,
આપ સમા શૂરવીર સાચા ચાલતા
'મા'ની પ્રેરણા મુજબ મસુરીમાં ગયા,
નવભારતમાં તમે ત્રણ મહિના રહ્યા
આનંદ દેનારો તે જ નિવાસ છે,
શબ્દો સાંઈ ને 'મા'ના સાચા ત્યાં ઠરે
ફરી પધારો ઋષિકેશમાં તો તમે,
ભરત મંદિરે ના, પણ ભગવાન આશ્રમે
'આ વરસે પણ નવરાત્રી ના કરો તમે'
દર્શન દેહાતીત દશામાં ધરી કહે
'મા'ની કૃપા અનંત તો વરસી રહી,
દર્શન દઈને સૂચનો ત્યાં ધરતી રહી
તે સૂચનને શ્રદ્ધાથી પાળો વળી,
તેથી જ્યાં પણ જાઓ ત્યાં મંગલ મહીં
હવે પધારો દક્ષિણે મદ્રાસમાં,
આમંત્રણ મળે પ્રેમી લાભુબેનનાં
બે મહિના મદ્રાસ મુકામ કરો વળી,
ફરી પધારો જન્મભૂમિ ગુજરાતની
'ઉપનિષદનું અમૃત' જન્મભૂમિમાં,
લેખન ગ્રંથનું સંપૂર્ણ થયું અહા !
'અનંત સૂર' ને 'સરળ ગીતા'ના ગ્રંથની,
પ્રકાશિત કરવાની યોજના બની રહી
નામ શું મૂકવું પરંતુ લેખક તણું અહીં ?
મન મૂંઝાતુ સાચો પ્રશ્ન ઉભો અહીં !
વિવિધ નામ વિચારો છો હવે આપ તો,
એક નામ પણ ના રૂચે દિલને જૂઓ
આધાર લીધો પ્રાર્થના સાધનનો તમે,
મા ભગવતી પર નામની મીટ માંડો હવે
નામકરણ તો દૈવી દર્શન ધરી કહે,
'યોગેશ્વર' એ નામ સુયોગ્ય તે ધરે
જીવન આખું સાધના કરવામાં વીત્યું,
નામ બદલવાનું વિચાર્યું ના ખરૂં

'ગુજરાતી મહાત્મા' નામે સૌ જાણતા,
હવે આપ 'શ્રી યોગેશ્વરજી' તો બન્યા
નામકરણની ઘટના દિવ્ય ગણાય તે,
ભક્તનું નામકરણ 'મા' ભગવતી તો કરે
સમજાયે છે આપના જીવનથી વળી,
શરણાગતને સર્વ પ્રકારે સંભાળતી
સાધના બીજનું હવે થયું વટવૃક્ષ ત્યાં,
ઓગણીસો સાઠમાં શીતળ છાંય ત્યાં
અલૌકિક સિદ્ધિ પ્રાપ્ત થતી હવે,
વારંવાર દર્શન ને સ્પર્શન મળે
જાગૃતિમાં પણ એ અનુભૂતિ કાયમ રહે,
જગદંબાની ચિન્મય શક્તિ સદા વસે
આપના જીવન માટે મંગલમય બની,
જેને વરસોથી ઝંખો તે મળી ખરી
સિદ્ધિ પ્રાપ્તિની દશા વાણીથી પર ખરે,
વરસોના એ તપવ્રતની સિદ્ધિ મળી
સિદ્ધિથી શું પ્રાપ્ત થયું જાણો હવે,
અમૃતફળ મીઠાં માગે તેને મળે
જગદંબાના દર્શન કાજે ધ્યાન ના,
પ્રાર્થના કે કોઈ વિશેષ પ્રયોગ ના
માગ્યા વિના સતત દર્શન મળતું રહે,
સિદ્ધ પુરૂષના સંપર્કો ક્ષણમાં મળે
ભૂતભાવિના પડદા ઉંચકાયા હવે,
પરમ ચેતના જાગૃતિ ને સ્વપ્ને રમે
સતત ચિન્મય શક્તિનો અનુભવ હવે,
દર્શન સાથે તે તો અહીં મળતો રહે
સાધના સાર્થક શરીરધારણ પણ ખરૂં,
વર્ષોનું વ્રત-જપનું કષ્ટ સફળ થયું
સાર્થક થઈ રહ્યું સઘળું જીવન અહા !
એનો અતિ આનંદ વર્ણન થાય ના
ચિન્મય શક્તિ સ્વરૂપ હવે તમે બનો,
જાણે જગદંબા સાચે પ્રગટ્યા અહો !

તમે જ 'મા' ભગવતી બની વિચરો હવે,
શક્તિ એવી ચિન્મયી જીવનમાં રમે
નિરાશ થયા વિના મથનારા પામતા,
સતત ઉત્સાહ વળી ધીરજ માગતા
પ્રભુ પણ પછી કૃપા વરસાવે છે અહીં,
વાત બધી અનુભવીના મુખની છે ખરી
સાધના પંથે પગલાં ભરજો પ્રેમથી,
કદી પણ નકામા ના જાયે તે વળી
એવો સંદેશો ધરતી જીવન-કથા,
આપની પ્રકાશપંથની સાચી તે કથા
યોગી યોગેશ્વર દિવ્ય પુરૂષ સાચે તમે,
મહીમંડળના મુક્ત પુરૂષ તમે ખરે
'મા' જગદંબાના જ્યોતિર્ધર આપને,
ચરણે ભક્તિભાવે નમીએ છે અમે
દેવપ્રયાગે તમે વિચારો છો હવે,
મસૂરી વસવામાં આનંદ ખરો મળે
જે જે વિચાર્યું શાંતાશ્રમના તીર્થમા,
તે તે સફળ બન્યું છે આ જીવનમાં
મનની ઈચ્છા સઘળી જાણે 'મા' વળી,
ઓગણીસો છપ્પનમાં તે પૂરી કરી
દર્શન દઈને કહે, 'તમારે જવું ઘટે,
આવતા વરસે મસૂરીમાં પાછુ હવે'
'નવભારત હોટલમાં રહેજો ત્યાં તમે,
ત્રણ માસ રહેજો આનંદે ત્યાં હવે'
સુમધુર સ્પષ્ટ શબ્દોના આદેશથી,
સુણી યોજના ઘડી મસૂરીની વળી
મસૂરી પહોંચી વિવિધ ઉતારા જુઓ વળી,
પસંદ ના પડ્યું એકે તેથી ફરો તહીં
નિરાશા મળે તે પહેલાં સામેથી કહે,
'આવો, મારું સ્થાન બતાવું આપને'
ગમી ગયો તે ઓરડો પણ આપને,
પૂછ્યું સ્થાનનું નામ બતાવો તો હવે
'નવભારત' કહી વિદાય થાયે છે અહા !
જગદંબાના શબ્દો તે સાચા ઠર્યા
અજ્ઞાત છતાં અદ્‌ભૂત રીતે તે વળી,
આદેશો પળાવે 'મા' ભગવતી અહીં
ચોક્કસ કાર્ય કરે છે જીવનમાં વસી,
જાણી ગદ્‌ગદ બન્યા તમે બન્ને વળી
માતાજીની સાથે મસૂરીમાં રહ્યા,
ત્રણ માસ તો પાણી વેગે વહી ગયા
છ વર્ષ સુધી એ રીતે હોટલ મહીં,
દર વરસે ત્રણ માસ ત્યાં વસો જરી
છઠ્ઠા વરસે અચાનક ત્યાં થાય છે,
થિયોસોફીના આશ્રયે પ્રવચન હવે
હિન્દીમાં જીવનમાં પહેલીવાર ત્યાં,
યોગ વિષયનું પ્રવચન આપો છો અહા !
એક જ પ્રવચનથી પ્રખ્યાતિ થઈ ઘણી,
જનતાને પણ પ્રેમ હવે મળતો અહીં
જન્માષ્ટમીના દિને બીજું થાય ત્યાં,
ચિત્રશાળામાં પ્રવચન યોજાયું છે ત્યાં
શ્રીકૃષ્ણના વિષયે પ્રવચન ત્યાં થયું,
જનસમાજનું મન પણ મુગ્ધ બન્યું ખરું
વ્યાસપીઠ પર શ્રીકૃષ્ણનું ચિત્ર ત્યાં,
હતું વળી બેઠક પાછળ દિવાલમાં
શ્રીકૃષ્ણની સુંદર ફૂલમાળા થકી,
ધૂન પછી પુષ્પ ખર્યું સાચે અહીં
મસ્તક પર થઈ અંક મહીં તે તો પડ્યું,
એ ઘટનાથી કૃષ્ણ કૃપાનું કિરણ મળ્યું
પ્રવચનની મંજુરી જાણે તે ધરે,
પુષ્પ પ્રસાદી એ રીતે ફરીથી મળે
બીજે વરસે ગાંધી નિવાસે તો મળે,
ફરી પામતા એ રીતે પ્રસાદીને
ગાંધી નિવાસની સેવાની સંસ્થા મહીં,
જનતા આગ્રહ કરી વસાવે છે અહીં

સેવાની શરૂઆત તમારા હાથથી,
સત્સંગની ભેટોમાંથી તે તો થતી
સાધારણ જનતાના જીવનને તમે,
સાચા સહાયક બનીને ઉધ્ધારો હવે
બાળક શિક્ષણ કાજે સહાય પામતા,
સેવાની એ રીત તમે અજમાવતા
પરિચય પ્રવચન થકી વધ્યો છે આપનો,
ચહુદિશ આમંત્રણ દેનારો તે બન્યો
રાજા-મહારાજાઓ પણ મળતા હવે,
ગાંધી નિવાસના નિત્ય સત્સંગમાં હવે
મજૂરથી માંડીને મહારાજા વળી,
મસૂરીમાં જાણે છે સેવા કાર્યથી
અંતરથી આદરભાવે જોતા હવે,
વંદન કરે છે નેહ ધરીને આપને
શ્રીચરણો છે સર્વ દુઃખ નિવારક,
શાંતિ પ્રદાયક, વળી પરમપદ પ્રેરક
તે યોગેશ્વર સદ્ગુરૂના ચરણે હવે,
ધરીએ પ્રેમે તેરમા આ અધ્યાયને
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્ગ્રંથને,
નમીએ સદ્ગુરૂના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્ગુરૂનો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !

* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**

## ચૌદમો અધ્યાય

નટવર યોગેશ્વર લીલામૃતના તમે,
હિમગિરિ વનના સાચા ઋષિ પણ છો તમે
સાધના મંદિર તણા મહામાનવ તમે,
માનવ મંદિરના શિલ્પી સાચા તમે
પ્રકાશ પંથના સાર સંદેશાઓ વળી,
લીલામૃતે પધારીને લખો અહીં
પધારો હવે કૃપા કરી પ્રેમે તમે,
પૂર્ણાહૂતિ લીલામૃતની કરો હવે
ચંપકભાઈ મસૂરીમાં આવે જરી,
થોડા દિનનું સાંનિધ્ય પામે વળી
અચાનક ગયા પ્રભુના દ્વારે તે વળી,
સાધના ક્ષેત્રે સાક્ષી ગુમાવો છો અહીં
પ્રેમી સમજુ સેવાભાવી તે હતા,
દેશભક્ત ને સાચા લડવૈયા હતા
જનતાની પણ અંત સુધી સેવા કરી,
શાંતિથી તેમણે આંખને બંધ કરી લીધી
મસૂરીના પ્રવચન કાર્યોથી તમે હવે,
રાજા મહારાજાને ત્યાં પણ વસો ખરે
સરીલા નરેશ રાજમહેલે ગોઠવે,
ગીતાના પ્રવચનો સૂણાવો છો તમે
અમરકુમારી વર્માના આમંત્રણે,
કલકત્તા પ્રવચન કાજે વિચરો તમે
જગન્નાથપુરી તારકેશ્વરની તો હવે,
સાથે સાથે યાત્રાઓ કરતા તમે
મુંબઈમાં જગમોહનજી સેવા કરે,
નિવાસ ધરતાં આપને સુંદર સ્વચ્છ તે
આલંદીના તીર્થે પૂજારી તો મળે,
ગુરૂ કૃપાનો અનુભવ સાંભળવા મળે
ગાંધી શતાબ્દીના વર્ષે તમે હવે,
'ગાંધી ગૌરવ' મહાકાવ્ય લખતા ખરે
પ્રસન્ન થઈને ગાંધીજી દર્શન ધરે !
પ્રકાશિત કરવા સહાયક તે બને
રમણ મહર્ષિના ગ્રંથે પણ એ રીતે,
દૈવી સહાયક શ્રી રમણ પોતે બને !

અદ્‌ભૂત છે બધી વાતો દર્શનની વળી,
દૈવી મદદની વાતો પણ અદ્‌ભૂત ખરી
શાંતાશ્રમે હવે ઉડીયાબાબા તો તપે,
દર્શન કરતા આનંદ થાયે ઉરે
પૂર્વ જન્મનું જ્ઞાન બતાવ્યું આપને,
'રામકૃષ્ણ છો' કહીને સત્કારે છે તે
ઉડીયાબાબાની એ દિવ્ય શક્તિને,
જાણી થયા પ્રસન્ન તમે તો ત્યાં ખરે
મોરારજી દેસાઈ મુંબઈમાં મળે,
'ગાંધી ગૌરવ'ની પ્રસ્તાવના તે લખે
મુંબઈના સેવાભાવી યજમાન જે,
કાંતિભાઈ તેમનું પાવન નામ છે
આપનું દર્શન ધ્યાનમાં પામે છે હવે,
આપના પૂર્વ જન્મો તેને જણાય છે
પંદર ઓગષ્ટે કાંતિભાઈએ વળી,
સંસારેથી વિદાય લીધી ત્યાં ખરી
સેવાભાવી પ્રેમી પુરૂષની ખોટને,
કોણ પુરી શકે તેને તો જગમાં હવે ?
અમૃતસરના વેદાંત સંમેલને,
અધ્યક્ષ બની દોરવણી દેતા તમે
નાના છતાં પણ પામ્યા માન ઘણું તમે,
પ્રભુ કૃપાનું અમૃત ફળ પામ્યા તમે
સંમેલનમાં મહાપુરૂષો મળે વળી,
વંદન કરતા સત્સંગને પામો અહીં
ત્યાં તો ભારત દેશમાં ચમકારો થશે,
એવો આદેશ મળે છે તમને હવે
રાજકારણની ધૂરાઓ બદલાય છે,
જાણેલું તમે પહેલેથી તે સત્યને
કહ્યું હતું તમે શ્રી નારાયણભાઈને,
થોડા દિવસે તે તો સાચું પડ્યું ખરે !
સુવર્ણ પ્રભાત જાણે ભારતમાં થયું,
ગાંધીજીનું સ્વપ્ન સાચું તો ઠર્યું
દૈવી દર્શન ગાંધીજી દઈને કહે,
ભાવિ પ્રધાનમંડળ કેવું તે ખરે
દર્શન મુજબ થયું ભારતમાં તે પછી,
સાક્ષી હજીયે જાણે છે વાતો બધી
ભારત માતની ભક્તિ તો ઉરમાં હતી,
તપશ્ચર્યાના કાળે પણ કાયમ રહી
પ્રાર્થના ભારતની મુક્તિ કાજે ઘણી,
પ્રભુ પ્રાપ્તિની સાથે તે પણ ચાલતી
છેવટે ભારત દેશને તો મુક્તિ મળી,
જાણે પ્રાર્થના આપની તો સાચી પડી
ગાંધીજીને સાચા ભક્તિ ભાવથી,
મહાકાવ્ય લખી અંજલી આપે તો ધરી
ફરી ત્યાં ભારત દેશે વેઠી વેદના,
ત્યારે પ્રભુને વિનવણી કરતા રહ્યા
ત્યાં તો સુવર્ણ પ્રભાત ભારતમાં થયું,
જાણી અંતર આપનું હરખ્યું તો ઘણું
દેશભક્ત ને ગાંધીભક્ત તો આપ છો,
માનવ ભક્ત આપને કોટિ પ્રણામ હો !
અગણિત વંદન યોગેશ્વર ભગવંતને,
નમસ્કાર નરનારાયણ પ્રભુ આપને
પ્રકાશપંથના પુરૂષોત્તમને પ્રણામ હો,
પ્રસન્ન થઈને પ્રગટો પૂર્ણ રૂપે હવે
પ્રકાશપંથનો પૂર્ણ થાય ઈતિહાસ આ,
રસિક ઉપકારક ને તર્કબદ્ધ હા
દીવાદાંડી છે દિવ્ય આ સંસારની,
જીવન વિકાસની પગદંડી તે ખરી
સાધકમાંથી સિદ્ધ યોગીની આ કથા,
સાહિત્ય ક્ષેત્રે છે ઉત્તમ આ કથા
પદ ચિન્હો છે તેમના પ્રેરક તો બધા,
પગલે ચાલીને પામો આનંદ ત્યાં
નિયમિત સાધના કરી, નિયમિત નોંધ ત્યાં,
એથી પામ્યા પ્રકાશ પંથનો ગ્રંથ આ

પુરૂષાર્થ ભરી જીવંત કથા આપની,
પરંપરા દર્શાવે મહાપુરૂષની
સદ્ગુરૂ દેવે સંપૂર્ણ કરી સાધના,
આત્માના અનુભવે લખી છે આ કથા
વંદનીય છે પ્રકાશ પંથનો ગ્રંથ આ,
પથ ધરનારો સૃષ્ટિનો સાચે છે તે
યોગેશ્વર લીલામૃતમાં તે પૂર્ણ ના,
આચમનથી થોડા ઘૂંટ ભર્યા છે આ
કીધું પૂર્ણ અમૃતપાન અહીં નથી,
પ્રકાશ પંથે અમૃતકુંભ ભર્યો વળી
પ્રકાશ પંથના ગ્રંથની પુષ્પમાળ આ,
'યોગેશ્વર લીલામૃત' નામે પ્રસિદ્ધ હા
પરંતુ પ્રકાશ પંથની પૂરી કથા નથી,
સાર સંદેશાને લીધા છે અહીં વણી
લીલામૃતના રસપાને ડૂબે છે જે,
પ્રકાશ પંથનું પારાયણ કરવું ઘટે
સાધકના વ્રતજપનો સાચો અર્ક ત્યાં,
વેર્યા છે બિંદુઓ લીલામૃતમાં
લીલામૃતના અંતિમ આ અધ્યાયની,
પરિસમાપ્તિ સ્નેહશાંતિ ધામે થતી
ઓગણીસો છ્યાંસી, ને મે મહિના મહીં,
મૌન એકાંતે સોમવારે તે તો થતી
બાર દિવસમાં પૂર્ણ કર્યું લેખન ખરે,
સદ્ગુરૂ દેવે શક્તિ સ્વરૂપે તે હવે
ધન્ય ધન્ય ગુરૂદેવની દિવ્ય શક્તિને,
ધન્ય ધન્ય 'મા' જગદંબાની શક્તિને
સર્વશ્વરીને સદ્ગુરૂ શોધી સ્વીકારતા,
જાણે અધૂરા કાર્યો પૂર્ણ કરાવતા !
યોગેશ્વર લીલામૃતનું લેખન ખરે,
સ્વપ્ન સમુ ભાસે સર્વેશ્વરીને ખરે
છતાં થઈ રહ્યું લેખન પૂર્ણરૂપે અહો !
સ્વામી સર્વેશ્વરીના એ તો લખે વળી

વિરાટ કાર્ય સામે હે પ્રભુ શું ધરું ?
ઈચ્છા અંતરે પ્રાણનું પુષ્પ હું ધરું
પ્રાણ કેરા પુષ્પે પ્રસન્ન થા હવે,
દિવ્ય રૂપે મને સમાવી લે માંગુ ખરે
મન અંતરની વેદના કોને જઈ કહું ?
ગુરૂ ઈચ્છાને સર્વોપરી માની રહું
ભૌતિક સુખ સગવડ તું સર્વે ધરતો ફરે
પ્રેમ સેવા ને ભક્તિ તું દે તો રહે
બિરાજીને સૌમાં જાણે તું તો મને,
સંભાળે છે ચહુદિશ જતન કરી હવે
કાર્યો કરાવે કેવા અદ્ભૂત તું ખરે !
બુદ્ધિ મારી કામ કરે ના ત્યાં હવે
બંસી બનાવી, બજાવી રહ્યો ગીત તું
રસેશ્વર તું રસેશ્વરી બની જાઉ હું
સર્વેશ્વરી તો નિમિત્ત માત્ર બને અહીં,
સઘળી દોર સંભાળે પ્રભુ આવી અહીં
સર્વેશ્વરીને માધ્યમ તમે બનાવતા,
દિવ્ય લીલા એ જાણે કોઈ વિરલા
પૂર્ણ કૃપા વરસાવી ભગવંતે અહીં,
લેખન પૂર્ણ કરી જયવંત કરી મહી
જય જય જય શ્રી યોગેશ્વર ભગવંતનો,
જય જય જય શ્રી લીલામૃત સદ્ગ્રંથનો
ઋષિકેશ, ગંગાજી, ઉત્તરકાશીનો,
જય જયકાર કરો એ દેવપ્રયાગનો
જય હો શાંતાશ્રમ ને સઘળા તીર્થનો,
શ્રી ચરણો જ્યાં વિચર્યા સર્વે તીર્થનો
સર્વેશ્વરી તો નાનકડી હોડી વડે,
યોગેશ્વર લીલામૃતના મહાસાગરે
ઝૂકાવે છે યોગેશ્વરના નામથી,
સદ્ગુરૂ પ્રત્યક્ષ પ્રગટીને પ્રેમથી
ઉતારશે ભવસાગર જો જો તે તમે,
સાચું કહીએ યોગેશ્વર નામે અમે

યોગેશ્વર પ્રત્યક્ષ બનીને પધારશે,
ચૌદ પુષ્પની માળા આ સ્વીકારશે
દિવ્ય દર્શન દઈને સમાવશે મને,
દિવ્ય સ્પર્શનનું મહાસુખ ધરશે હવે
આશા, શ્રદ્ધા, ધીરજ સફળ થશે હવે,
વ્રત જપની આ સાધના પૂર્ણ થશે ખરે
પૂર્ણ થાય છે લીલામૃત સદ્ગ્રંથ આ,
ચૌદ ચંપાના પુષ્પોની છે માળ આ
સ્વીકારી લેજો સ્નેહે સદ્ગુરૂ દેવ હે !
ચરણે નમીએ માંગીએ છે આજે અમે
ધર્મ, અર્થ કે કામ મોક્ષને શું કરું ?
સ્વપ્ને પણ રિદ્ધિ-સિદ્ધિને શું કરું ?
દૈવી દર્શન-સ્પર્શનનું સુખ આપજો,
શ્રદ્ધા-ભક્તિના ભાથાને બાંધજો
જન્મોજન્મ તમારી સાથે હું રહું,
તપસ્વી તમે તપસ્વીની બની જાઉં હું
શ્રી ચરણોમાં અરજ એટલી હું ધરું,
લીલામૃતના રસથી આપને હું વરું
શ્રી યોગેશ્વર લીલામૃત સદ્ગ્રંથને,
નમીએ સદ્ગુરૂના આ અક્ષરદેહને !
યોગેશ્વર લીલામૃતનો જયકાર હો !
શ્રી યોગેશ્વર સદ્ગુરૂનો જયકાર હો !
શ્રી યોગેશ્વર પ્રભુનો જય જયકાર હો !
પાવન સત્યપથનો જય જયકાર હો !
શ્રી સ્વર્ગારોહણ તીર્થનો જય જયકાર હો !
શ્રી સર્વેશ્વરી તીર્થનો જય જયકાર હો !
સર્વ તીર્થ ક્ષેત્રોનો જય જયકાર હો !
સર્વ સંત ભક્તનનો જય જયકાર હો !
જય જયકાર હો ! જય જયકાર હો !
જય જયકાર હો !

* * *

**ૐ યોગેશ્વરાય નમઃ**



* * *

ૐ

* * *

# શ્રી યોગેશ્વર લીલામૃત સંપૂર્ણ

* * *

ૐ યોગેશ્વરાય નમઃ
ૐ યોગેશ્વરાય નમઃ
ૐ યોગેશ્વરાય નમઃ

* * *